

વિદાય વસમી માતા તારી, ક્યાંયે ચેન ન પડતું,
સરલ વદનનાં દર્શન કાજે, મનડું ખૂબ તલસતું....
દર્શન દો માતા મોરી, ફરી ફરી પાય પડું તોરી.

કહાન સંવત-૧૧ □ (૫૭૨) ❊ આત્મધર્મ ❊ (અંક-૧૨ વર્ષ-૪૭) □ વીર સં. ૨૫૧૭ જૂન, ૧૯૯૧

# * શિવપુરીમાં સાથે રાખો *

[ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના વિરહનું ગીત ]

દર્શન દો માતા મોરી, ફરી ફરી પાય પડું તોરી.

સીમંધરનંદન! વંદન તુજને, ભવ્યાતમ-આધારા,
પૂર્વારાધન-દોર સાંધીને, પ્રગટી જ્ઞાયકધારા....દર્શન૦ ૧

લાખ વર્ષમાં દર્શન દુર્લભ, ધીર વીર ગંભીરા,
શ્રુતલબ્ધિયુત માતા મળિયાં, પુણ્યોદય મુજ ફળિયા....દર્શન૦ ૨

વિદાય વસમી માતા તારી, ક્યાંયે ચેન ન પડતું,
સરલ વદનનાં દર્શન કાજે, મનડું ખૂબ તલસતું....દર્શન૦ ૩

આશ ધરે હિજરાતું હૈયું—માતા દર્શન દેશે,
સૂકી દિલડાની વાડી આ, અમૃતથી સિંચાશે...દર્શન૦ ૪

સૂનાં સ્વર્ણપુરીનાં ધામો, મનમંદિર મુજ સૂના,
દશે દિશાઓ સૂનીસૂની, માતા! તુજ વિરહામાં....દર્શન૦ ૫

અમ આંગણિયાં પાવન કરવા, માત વિદેહી પધાર્યાં,
અલ્પ સમયમાં ટળવળતા ભક્તોને છોડી ચાલ્યાં....દર્શન૦ ૬

વત્સલતાનું અમૃતઝરણું માત-હૃદયમાં વહેતું,
અમ સેવકના અંતર તાપો ક્ષણમાં દૂર કરી દેતું....દર્શન૦ ૭

સીમંધરપ્રભુના મંગલમય સંદેશા ભરતે લાવ્યાં,
'કહાનગુરુ તીર્થંકર થાશે'—મધુરાં અમૃત પાયાં...દર્શન૦ ૮

મીઠી મીઠી દૃષ્ટિ તારી મીઠાં અમૃત પાતી,
જ્ઞાનખજાનો ખોલી ખોલી, દાન ભક્તને દેતી...દર્શન૦ ૯

દિવ્યશક્તિધારક! સ્વર્ગેથી ગુરુવર સંગ પધારો,
ભક્તોના મુરઝાતા મનને દર્શન દઈ વિકસાવો...દર્શન૦ ૧૦

ઉપકારી! ઉપકાર તમારા અમ અંતરમાં છાયા,
સ્વાનુભૂતિયુત વચનામૃતના જગમાં ધોધ વહાવ્યા...દર્શન૦ ૧૧

ચિંતામણિ કલ્યાણી માતા! અતિશય ગુણગણધારી!
શિવપુરીમાં સાથે રાખો — એક જ અરજ અમારી...દર્શન૦ ૧૨

કહાન
સંવત-૧૧
વર્ષ-૪૭
અંક-૧૨
[ ૫૭૨ ]

વીર
સંવત
૨૫૧૭
સં. ૨૦૪૭
JUNE
A.D. 1991




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

### પ્રશમમૂર્તિ ધર્મરત્ન ભગવતી માતા
### પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની
### પ્રથમ સાંવત્સરિક સમાધિતિથિ નિમિત્તે

## ૭૬ આત્માર્થ-પોષક આર્ષવાણી ૭૬

* હે ભગવાન! દીનતા પૂર્વક સમસ્ત સંસારમાં ભ્રમણ કરીને જેનો આત્મા થાકી ગયો છે એવો હું, મારી સર્વ શક્તિ લગાવીને, અત્યંત લોભથી આજ આપના શરણમાં આવ્યો છું. આપ જ મારું સર્વસ્વ છો. આપને પ્રાપ્ત કરીને વિવાદોથી મારે શું પ્રયોજન છે! ૧.

* હે વિદ્વજનો! ધન, મહેલ અને શરીર આદિના વિષયમાં મમત્વ-બુદ્ધિ છોડીને શીઘ્રતાથી કાંઈ પણ પોતાનું એવું કાર્ય કરો કે જેથી આ જન્મ ફરીથી પ્રાપ્ત ન કરવો પડે. બીજા સેંકડો વચનોના બાહ્ય ડોળથી તમારું કાંઈ પણ ઇષ્ટ સિદ્ધ થવાનું નથી. આ જે તમને ઉત્તમ મનુષ્ય પર્યાય આદિ સ્વહિત સાધક સામગ્રી પ્રાપ્ત થઈ છે તે ફરીથી પ્રાપ્ત થશે અથવા નહિ થાય એ કાંઈ નક્કી નથી અર્થાત્ તેનું ફરી પ્રાપ્ત થવું બહુ જ કઠણ છે. ૨.

* સર્વ ક્ષેત્ર કે કાળમાં કોઈ પણ પ્રકારે કે કારણ વડે જીવ કાળથી બચ્યો નથી, બચતો નથી કે બચશે પણ નહિ. સર્વ શરીરધારી પ્રાણીઓ એ પ્રચંડ કાળને વશ વર્તી રહ્યાં છે. એ પ્રત્યક્ષ જોઈને હે જીવ! પ્રતિ-

પળે વિનાશ સન્મુખ જતાં શરીરને રાખવાની ચિંતા છોડી એક નિજ આત્માને જ રાગ-દ્વેષાદિ દુષ્પરિણામોથી હણાતો બચાવ, બચાવ! વિનાશી પદાર્થને રાખવાની માથાકૂટ છોડી એ અવિનાશી નિજ આત્મપદનું રક્ષણ કર, રક્ષણ કર! અને દેહનાશની ચિંતાથી નિશ્ચિંત થા, કારણ કે એ નિજપદ નથી પણ પર પદ છે. ૩.

* હે ભાઈ! તારી નજર સામે તું શું નથી જોતો કે આ જગત કાળરૂપ પ્રચંડ પવનથી નિર્મૂળ થઈ રહ્યું છે! ભ્રાંતિને છોડ! જગતમાં કોઈની નામ માત્રની પણ સ્થિરતા નથી. જે દિવસની મંગળમય પ્રભાત જણાય છે, તે જ દિવસ અસ્તપણાને પ્રાપ્ત થાય છે. ભાઈ! આ જગતનો સ્વભાવ જ ક્ષણભંગુર છે. પહાડ જેવા વિસ્તીર્ણ જણાતાં રૂપોનો ઘડી પછી અવશેષ પણ જણાતો નથી. કોણ જાણે શા કારણથી તું એ ઇન્દ્ર-જાળવત્ જગતના ઇષ્ટ પદાર્થોમાં આશા બાંધી બાંધી ભમ્યા કરે છે! ૪.

* યદ્યપિ ઇસ લોકમેં મૃત્યુ હૈ સો જગતકો આતાપકા કરનેવાલા હૈ તો હૂં સમ્યગ્જ્ઞાનીકે અમૃતસંગ જો નિર્વાણ તાકે અર્થિ હૈ. જૈસે કાચા ઘડાકૂં અગ્નિમેં પકાવના હૈ સો અમૃતરૂપ જલકે ધારણકે અર્થિ હૈ. જો કાચા ઘડા અગ્નિમેં નહીં પકૈ તો ઘડામેં જલધારણ નાહીં હોય હૈ, અગ્નિમેં એક બાર પકિ જાય તો બહુત કાલ જલકા સંસર્ગકૂં પ્રાપ્ત હોય. તૈસેં મૃત્યુકા અવસરમેં આતાપ સમભાવનિકરિ એકવાર સહિ જાય તો નિર્વાણકા પાત્ર હો જાય. ૫.

* નરભવ કાંઈ સદા તો રહે નહિ, સાક્ષાત્ મોક્ષસાધન જ્ઞાનકળા આ ભવ વિના અન્ય જગ્યાએ ઊપજતી નથી. માટે વારંવાર કહીએ છીએ કે—નિજબોધકળાના બળ વડે નિજસ્વરૂપમાં રહો. નિરંતર એ જ યત્ન કરો. આવું વારંવાર કહેવું તો બાળક પણ ન કરાવે. તમે તો અનંત જ્ઞાનના ધણી બની, આવી ભૂલ ધારો છો એ જોઈ મોટું અચરજ આવે છે. ૬.

* આ દેહમાં ઠેકઠેકાણે લોહીના કુંડ અને વાળના ઝુંડ છે, એ હાડકાઓથી ભરેલો છે જાણે ચૂડેલોનું નિવાસસ્થાન જ છે. જરાક ધક્કો લાગતાં એવી રીતે ફાટી જાય છે જાણે કાગળનું પડીકું અથવા કપડાની

જૂની ચાદર. એ પોતાનો અસ્થિર સ્વભાવ પ્રગટ કરે છે પણ મૂર્ખાઓ એના પ્રત્યે સ્નેહ કરે છે. એ સુખનો ઘાતક અને બુરાઈઓની ખાણ છે. એના જ પ્રેમ અને સંગથી આપણી બુદ્ધિ ઘાણીના બળદ જેવી સંસારમાં ભટકનાર થઈ ગઈ છે. ૭.

* જિન તીર્થંકરોંકે ચરણોંકો ઇન્દ્ર ચક્રવર્તી આદિ લોકશિરોમણિ પુરુષ અપની કાંતિરૂપી જલસે ધોતે હૈં, જો લોક અલોકકો દેખનેવાલે ઐસે કેવલજ્ઞાનરૂપી રાજ્યલક્ષ્મીકે ધારી હૈ, ઐસે તીર્થંકર ભી આયુકર્મકે સમાપ્ત હોને પર ઇસ શરીરકો છોડકર મોક્ષકો ચલે જાતે હૈં, તો ફિર અન્ય અલ્પાયુ ધારી માનવોંકે જીવનકા ક્યા ભરોસા? ૮.

* એક જીવ બીજા કોઈ જીવના વિષયમાં શોક કરતો કહે છે કે અરેરે! મારા નાથનું મરણ થયું. પરંતુ તે પોતાના માટે શોક કરતો નથી કે હું સ્વયં સંસાર-સમુદ્રમાં ડૂબેલો છું. સંસારમાં જીવ જેવી રીતે બીજાના વિષયમાં વિચાર કરે છે તેવી જ રીતે પોતાના માટે પણ જો વિચાર કરે તો શીઘ્ર પોતાનું હિત થાય. પરંતુ જીવ પોતાના વિષયમાં ઘણું કરીને વિચાર કરતો નથી. ૯.

* હે જીવ! આત્મકલ્યાણને અર્થે કંઈક યત્ન કર! કર! કેમ શઠ થઈ પ્રમાદી બની રહે છે? જ્યારે એ કાળ પોતાની તીવ્ર ગતિથી આવી પહોંચશે ત્યારે યત્ન કરવા છતાં પણ તે રોકાશે નહિ—એમ તું નિશ્ચય સમજ. ક્યારે, ક્યાંથી અને કેવી રીતે એ કાળ અચાનક આવી ચડશે તેની પણ કોઈને ખબર નથી. એ દુષ્ટ યમરાજ જીવને કાંઈ પણ સૂચના પહોંચાડયા સિવાય એકાએક હુમલો કરે છે તેનો તો કાંઈક ખ્યાલ કર! કાળની અપ્રહત અરોક ગતિ આગળ મંત્ર, તંત્ર અને ઔષધાદિ સર્વ સાધન વ્યર્થ છે. ૧૦.

* કઠિન પરિશ્રમ કરીને યત્નથી કરવામાં આવેલા સંસારનાં બધાં કાર્યો, પાણીમાં માટીની પૂતળીની જેમ, ક્ષણભરમાં બિલકુલ નાશ થઈ જાય છે. જ્યારે આમ છે ત્યારે હે મૂર્ખ! ઘણા ખેદની વાત છે કે એ સાંસારિક કાર્યની જ શા માટે પ્રવૃત્તિ કરવામાં આવે છે? બુદ્ધિમાન પ્રાણી

ખાલી નિરર્થક પરિશ્રમ કરાવનારા કાર્યમાં ક્યારેય પણ નિશ્ચયથી વ્યાપાર કરતા નથી. ૧૧.

* જેમ મુઠ્ઠી વડે આકાશ ઉપર પ્રહાર કરવો નિરર્થક છે, જેમ ચોખાને માટે ફોતરાને ખાંડવા નિરર્થક છે, જેમ તેલને માટે રેતીને પીલવી તે નિરર્થક છે, જેમ ઘી માટે જળને વલોવવું તે નિરર્થક છે, કેવળ મહાન ખેદનું કારણ છે. તેમ અશાતાવેદનીયાદિ અશુભ કર્મનો ઉદય આવતા વિલાપ કરવો, રડવું, ક્લેષિત થવું, દીન વચનો બોલવા નિરર્થક છે—દુઃખ મટાડવાને સમર્થ નથી, પરંતુ વર્તમાનમાં દુઃખ વધારે છે અને ભવિષ્યમાં તિર્યંચગતિ તથા નરકનિગોદના કારણભૂત તીવ્ર કર્મ બાંધે છે જે અનંતકાળમાં પણ છૂટતાં નથી. ૧૨.

* જીવ! કુટુંબી આદિ લોકોનો તારી સાથે કાંઈ સંબંધ નથી, અને ન તારું તેમની સાથે કાંઈ આ લોક સંબંધી પ્રયોજન છે, એ તો પોતાના સ્વાર્થ માટે તારા શરીર ઉપર પ્રેમ રાખે છે માટે તું તારા આત્મહિતમાં મગ્ન થા. એ લોકો શરીરમાં તન્મય થઈ રહ્યાં છે, તેથી શરીરના જેવા જ જડબુદ્ધિ છે અને તું ચૈતન્ય છો, એમનાથી જુદો છો, તેથી રાગ-દ્વેષનો સંબંધ તોડીને પોતાનું આત્મબળ પ્રગટ કર અને સુખી થા. ૧૩.

* હે અજ્ઞાની મનુષ્ય! આ સમસ્ત જગત ઇન્દ્રજાળ સમાન વિનશ્વર અને કેળના થડ સમાન નિઃસાર છે. આ વાત શું તું નથી જાણતો? શું શાસ્ત્રમાં સાંભળ્યું નથી? અને શું પ્રત્યક્ષ નથી દેખતો? અર્થાત્ તમે એને અવશ્ય જાણો છો, સાંભળો છો અને પ્રત્યક્ષપણે પણ દેખો છો તો પછી ભલા અહીં પોતાના કોઈ સંબંધી મનુષ્યનું મરણ થતાં શોક કેમ કરો છો? અર્થાત્ શોક છોડીને એવો કાંઈક પ્રયત્ન કરો કે જેથી શાશ્વત, ઉત્તમ સુખના સ્થાનભૂત મોક્ષને પામી શકો. ૧૪.

* દેહ જડ છે, જાણે એક મડદાનું સ્થાન જ છે; તે રજ અને વીર્યથી ભરેલું છે, મળ-મૂત્રરૂપી ખેતરનો ક્યારો છે, રોગોનું પોટલું છે, આત્માનું સ્વરૂપ ઢાંકનાર છે, કષ્ટોનો સમૂહ છે અને આત્મધ્યાનથી

ભિન્ન છે. હે જીવ! આ દેહ સુખનો ઘાત કરે છે તોપણ તને પ્રિય લાગે છે; છેવટે એ તને છોડશે જ તો પછી તું જ એનો સ્નેહ કેમ છોડી દેતો નથી? ૧૫.

* પોતાના કોઈ સંબંધી પુરુષનું મૃત્યુ થતાં જે અજ્ઞાન વશે શોક કરે છે તેની પાસે ગુણની ગંધ પણ નથી, પરંતુ દોષ તેની પાસે ઘણાં છે—એ નક્કી છે. આ શોકથી તેનું દુઃખ અધિક વધે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચારે પુરુષાર્થ નષ્ટ થાય છે, બુદ્ધિમાં વિપરીતતા આવે છે તથા પાપ (અશાતાવેદનીય) કર્મનો બંધ પણ થાય છે, રોગ ઉત્પન્ન થાય છે અને અંતે મરણ પામીને તે નરકાદિ દુર્ગતિ પામે છે. આ રીતે તેનું સંસાર પરિભ્રમણ લાંબુ થઈ જાય છે. ૧૬.

* હે આત્મા! મેં ઇચ્છિત લક્ષ્મી પ્રાપ્ત કરી લીધી છે, સમુદ્ર પર્યંત પૃથ્વી પણ ભોગવી લીધી છે અને જે વિષયો સ્વર્ગમાં પણ દુર્લભ છે તે અતિશય મનોહર વિષયો પણ પ્રાપ્ત કરી લીધા છે. છતાં પણ જો પાછળ મૃત્યુ આવવાનું હોય તો આ બધું વિષયુક્ત આહાર સમાન અત્યંત રમણીય હોવા છતાં પણ ધિક્કારવા યોગ્ય છે. તેથી તું એક માત્ર મુક્તિની ખોજ કર. ૧૭.

* હે જીવ! તૂ ઇસકો ગૃહવાસ મત જાન, યહ પાપકા નિવાસસ્થાન હૈ. યમરાજને અજ્ઞાની જીવોંકે બાંધનેકે લિયે યહ અનેક ફાંસોસે મંડિત બહુત મજબૂત બંદીખાના બનાયા હૈ, ઇસમેં સંદેહ નહીં હૈ. ૧૮.

* મારું આયુષ્ય ઘણું લાંબુ છે, હાથ-પગ વગેરે બધાં અવયવો ખૂબ મજબૂત છે, આ લક્ષ્મી પણ મારા વશમાં છે તો પછી હું નકામો વ્યાકુળ શા માટે થાઉં? ઉત્તરકાળમાં જ્યારે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થશે ત્યારે હું નિશ્ચિત થઈને ખૂબ ધર્મ કરીશ. ખેદની વાત છે કે આ જાતનો વિચાર કરતાં કરતાં આ મૂર્ખ પ્રાણી કાળનો કોળિયો બની જાય છે. ૧૯.

* જેમ શિકારીના ઉપદ્રવ વડે ભયભીત થયેલું સસલું અજગરના ખૂલ્લાં મોઢાને દર-બિલ જાણી પ્રવેશ કરે છે તેમ અજ્ઞાની જીવ ક્ષુધા, તૃષા, કામ ક્રોધાદિક તથા ઇન્દ્રિયના વિષયની તૃષ્ણાના આતાપ વડે સંતાપિત

થઈને વિષયાદિકરૂપ અજગરના મુખમાં પ્રવેશ કરે છે; તેમાં પ્રવેશ કરીને પોતાના જ્ઞાન, દર્શન, સુખ, સત્તાદિક ભાવપ્રાણને નાશ કરી નિગોદમાં અચેતનતુલ્ય થઈને અનંતવાર જન્મ-મરણ કરતો થકો અનંતકાળ વ્યતીત કરે છે કે જ્યાં આત્મા અભાવતુલ્ય જ છે. ૨૦.

* આ અલ્પ આયુષ્ય અને ચંચળ કાયાને એ (મોક્ષ) માર્ગમાં ખપાવી દેતાં જો પરમ શુદ્ધ ચૈતન્યઘન અવિનાશી નિઃશ્રેયસની પ્રાપ્તિ થતી હોય તો તને ફૂટી કોડીના બદલામાં ચિંતામણિરત્નથી પણ અધિક પ્રાપ્ત થયું છે એમ સમજ. હે જીવ! સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ એ ચાર આરાધનાની ઉત્તરોત્તર વૃદ્ધિ અને શુદ્ધિમાં તારા આ માનવ-જીવનનો જે કાળ છે, તેટલુ જ તારું સફળ આયુષ્ય છે એમ સમજ. ૨૧.

* નિર્મમતા ચિંતવવા માટે કલેશ થતો નથી, પરની યાચના કરવી પડતી નથી, કોઈની ખુશામત કરવી પડતી નથી, કાંઈ ચિંતા થતી નથી, તેમ જ કાંઈ ધનાદિ ખર્ચવું પડતું નથી. માટે નિર્મમત્વભાવની સતત ચિંતવના કરવી. ૨૨.

* હે આત્મન્! તારે લોકનું શું પ્રયોજન છે? આશ્રયનું શું પ્રયોજન છે? દ્રવ્યનું શું પ્રયોજન છે? શરીરનું શું પ્રયોજન છે? વચનોનું શું પ્રયોજન છે? ઇન્દ્રિયોનું શું પ્રયોજન છે? પ્રાણોનું શું પ્રયોજન છે? તથા તે વિકલ્પોનું પણ તારે શું પ્રયોજન છે? અર્થાત્ આ બધાંનું તારે કાંઈ પણ પ્રયોજન નથી. કારણ કે તે બધી પુદ્ગલની પર્યાયો છે અને તેથી તારાથી ભિન્ન છે. તું પ્રમાદને વશ થઈને વ્યર્થ જ આ વિકલ્પો દ્વારા કેમ અતિશય બંધનનો આશ્રય કરે છે? ૨૩.

* હે પ્રાણી! તમે જુઓ તો ખરા આ મોહનું માહાત્મ્ય! કે પાપવશ મોટો રાજા પણ મરીને વિષ્ટાના કીડામાં જઈને ઉત્પન્ન થાય છે અને ત્યાં જ તે રતિ માને છે—ક્રીડા કરે છે. ૨૪.

* સંપત્તિ, પુત્ર અને સ્ત્રી આદિ પદાર્થ ઊંચા પર્વતના શિખર પર સ્થિત અને વાયુથી ચલાયમાન દીપક સમાન શીઘ્ર જ નાશ પામનારા છે. છતાં પણ જે મનુષ્ય તેમના વિષયમાં સ્થિરતાનું અભિમાન કરે છે તે

જાણે મુઠ્ઠીથી આકાશનો નાશ કરે છે અથવા વ્યાકુળ થઈને સૂકી નદી તરે છે અથવા તરસથી પીડાઈને પ્રમાદયુક્ત થયો થકો રેતીને પીવે છે. ૨૫.

* સમુદ્ર વિષે રહેલો વડવાનલ અગ્નિ સમુદ્રના જળને શોષે છે, તેમ સંસાર વિષે માનસિક દુઃખરૂપી ભયંકર વડવાનલ એટલો બધો દુઃખપ્રદ છે કે તે જીવને પ્રાપ્ત વિષયો પણ સુખે ભોગવવા દેતો નથી અને અપ્રાપ્ત વિષયોની ઝંખનામાં ને ઝંખનામાં સદોદીત બાળ્યા કરે છે અને એ રીતે તેના શાંતભાવરૂપ નિજ-પ્રાણને પ્રતિપળે શોષ્યા કરે છે. ૨૬.

* ભાઈ! તારી આ બધી પ્રવૃત્તિ મને તો રેતીમાં તેલ શોધવા જેવી અથવા વિષ પ્રાશન કરી (–ખાઈને) જીવન વૃદ્ધિ કરવાની ઇચ્છા જેવી વિચિત્ર અને ઉન્મત્ત લાગે છે. ભાઈ! આશારૂપ ગ્રહ(ભૂત)નો નિગ્રહ કરવામાં જ સુખ છે. તૃષ્ણાથી કોઈ કાળે કે કોઈ ક્ષેત્રમાં સુખ નથી. એ ટૂંકુ પણ મહદ્ સૂત્ર શું તને નથી સમજાતું?—કે આ વ્યર્થ પરિશ્રમ (–પ્રવૃત્તિ) તું કરી રહ્યો છે! ૨૭.

* વધુ કેટલું કહેવું?—સ્વર્ગથી ચ્યુત થવાની પહેલાં મિથ્યાદષ્ટિ દેવને જે તીવ્ર દુઃખ થાય છે તે નારકીને પણ નથી હોતું. ૨૮.

* તાડના વૃક્ષથી તૂટેલું ફળ નીચે પૃથ્વી ઉપર પડવા માંડયા પછી વચ્ચે કયાં સુધી રહે? તેમ જન્મ થયા પછીનું જીવન આયુ-સ્થિતિમાં કયાં સુધી રહે? બહુ જ અલ્પકાળ અને તે પણ અનિયત. તેથી હે ભવ્ય! આ દેહાદિને આમ ક્ષણભંગુર જાણીને વાસ્તવિક અવિનાશી પદનું સાધન બીજા બધાં કાર્યોને જતાં કરીને પણ ત્વરાએ કરી લેવું એ જ સુયોગ્ય છે, કારણ જીવન-સમય બહુ સાંકડો છે. ૨૯.

* હે જીવ! તૂને ઇસલોકમેં તૃષાસે પીડિત હોકર તીનલોકકા સમસ્ત જલ પિયા, તો ભી તૃષાકા વ્યવચ્છેદ ન હુઆ અર્થાત્ પ્યાસ ન બૂઝી, ઇસલિયે તૂ ઇસ સંસારકા મંથન અર્થાત્ તેરે સંસારકા નાશ હો ઇસપ્રકાર નિશ્ચયરત્નત્રયકા ચિંતન કર. ૩૦.

* જે સંસારભયથી શ્રી તીર્થંકરાદિ ડર્યા તે સંસારભયથી જે રહિત છે તે મોટો સુભટ છે! ૩૧.

* હે આત્મન્! તૂ જિસ પ્રકાર કામકે બાણોંસે પીડિત હોકર સ્ત્રીકે સંયોગસે પ્રાપ્ત હોનેવાલે સુખકે વિષયમેં અપને ચિત્તકો કરતા હૈ ઉસી પ્રકાર યદિ મુક્તિકે કારણભૂત જિનેન્દ્રકે દ્વારા ઉપદિષ્ટ મતકે વિષયમેં ઉસ ચિત્તકો કરતા તો જન્મ, જરા ઔર મરણકે દુઃખસે છૂટકર કિસ કિસ સુખકો ન પ્રાપ્ત હોતા—સબ પ્રકારકે સુખકો પા લેતા. ઐસા ઉત્તમ સ્થિર બુદ્ધિસે વિચાર કરકે ઉક્ત જિનેન્દ્રકે મતમેં ચિત્તકો સ્થિર કર. ૩૨.

* જેની બન્ને બાજુ અગ્નિ સળગી રહી છે એવી એરંડની લાકડીની વચ્ચે ભરાયેલો કીડો જેમ અતિશય ખેદખિન્ન થાય છે તેમ આ શરીરરૂપ એરંડની લાકડીમાં ફસાયેલો જીવ જન્મ-મરણ આદિ દુઃખોથી નિરંતર ખેદખિન્ન થાય છે. એરંડની લાકડીમાં ફસાયેલો કીડો નાશી-ભાગીને ક્યાં જાય? કારણ કે બન્ને તરફ અગ્નિ સળગી રહી છે. હે ભાઈ! આ શરીરની પણ એ જ દશા જાણીને તેનાથી તું મમત્વ છોડ કે જેથી એ એરંડની લાકડીના કરતાં પણ અનંત દુઃખના કારણભૂત એવું શરીર જ ધારણ કરવું ન પડે. શરીર ઉપરનો અનુરાગ જ નવાં નવાં શરીર ધારણનું કારણ છે એમ જાણી પૂર્વ મહાપુરુષોએ એ શરીરથી સર્વથા સ્નેહ છોડયો હતો. ૩૩.

* જે પુદ્ગલ વર્તમાનકાળમાં શુભ દેખાય છે તે જ પુદ્ગલ પૂર્વે અનંત ભવમાં દુઃખ દેવાવાળા અશુભપણે પરિણમ્યા હતાં અને જે પુદ્ગલ વર્તમાનકાળમાં અશુભ દેખાય છે તે જ પૂર્વે અનંતવાર સુખકારી થયાં હતાં. સર્વ પ્રકારના પુદ્ગલદ્રવ્ય અનંતવાર આહાર–શરીર–ઇન્દ્રિયરૂપ પરિણમ્યા થકાં તે સર્વને અનંતવાર ભોગવ્યા અને ત્યાગ કર્યાં. એવા સર્વ પુદ્ગલના ગ્રહણ–ત્યાગમાં શું આશ્ચર્ય છે? ૩૪.

* આ મનુષ્યના શરીર વિષે એક-એક અંગુલમાં છન્નુ-છન્નુ રોગ હોય છે. તો બાકીના સમસ્ત શરીર વિષે કેટલા રોગ કહેવા એ સમજો.

(આખા શરીરમાં પાંચ કરોડ અડસઠ લાખ નવ્વાણું હજાર પાંચસો ચોરાશી રોગ રહેલા છે.) ૩૫.

* જેના ગર્ભાવતરણ પહેલાં સર્વોત્કૃષ્ટ રિદ્ધિનો સ્વામી ઇંદ્ર બે કર જોડી પૂર્ણ વિનીત પરિણામે કિંકરની જેમ જેને વંદન કરે છે, વળી જે મહાન આત્મા યુગસ્રષ્ટા છે, ચક્રવર્તી જેવા જેના બારણે પનોતા વિશિષ્ટ પુણ્યવાન પુત્ર છે, એવા શ્રી આદિનાથ સ્વામીએ ક્ષુધાવંતપણે પૃથ્વી વિષે ઘેર ઘેર આહાર અર્થે પરિભ્રમણ કર્યું. અહો! વિધાતા (કર્મ)નો વિલાસ ખરેખર આશ્ચર્ય પમાડે છે, અતિશય અલંઘ્ય, કોઇથી મટાડી શકાય નહિ એવો મહા સમર્થ છે. ૩૬.

* શરીરકા સ્વભાવ અનિષ્ટ હૈ યહ સર્વ પદાર્થોંકો અશુદ્ધ કરનેકા સ્થાન હૈ ઐસા જાનો. શરીરકા મોહી જ્ઞાનસ્વભાવી આત્માકા શ્રદ્ધાન નહીં કર પાતા હૈ ઇસ શરીરકા સ્વાગત કરના અનંત દુઃખોંકા બીજ હૈ. ૩૭.

* જિન ઇન્દ્રિયવિષયોંકે ભોગનેસે નરનાથ (ચક્રવર્તી) ઔર ઇન્દ્ર ભી તૃપ્તિકો નહીં પ્રાપ્ત હોતે હૈં ઉનસે ભલા સાધારણ મનુષ્ય કૈસે તૃપ્ત હો સકતે હૈં? નહીં હો સકતે. ઠીક હૈં—જિસ નદીકે પ્રવાહમેં અતિશય બલવાન હાથી બહ જાતા હૈ ઉસમેં ક્ષુદ્ર ખરગોશોંકી વ્યવસ્થા કિસસે હો સકતી હૈ? કિસીસે ભી નહીં હો સકતી હૈ. ૩૮.

* જે જીવ સંસારથી—ભવભયથી ડરે છે તેને જિનભગવાનની આજ્ઞાનો ભંગ કરતાં ભય લાગે છે; અને જેને ભવભયનો ડર નથી તેને તો જિન-આજ્ઞાનો ભંગ કરવો તે રમતમાત્ર છે. ૩૯.

* યે ઇન્દ્રિયોંકે ભોગ અસાર અર્થાત્ સાર રહિત તુચ્છ ઝીર્ણ તૃણકે સમાન હૈં, ભયકો પૈદા કરનેવાલે હૈં, આકુલતામય કષ્ટકો કરનેવાલે હૈં વ સદા હી નાશ હોનેવાલે હૈં, દુર્ગતિમેં જન્મ કરાકર કલેશકો પૈદા કરનેવાલે હૈં તથા વિદ્વાનોંકે દ્વારા નિંદનીક હૈ. ઇસ તરહ વિચાર કરતે હુએ ભી મેરી બુદ્ધિ, ખેદકી બાત હૈ કિ ભોગોંસે નહીં હટતી હૈ તબ મૈં બુદ્ધિ રહિત કિસકો પૂછું, કિસકા સહારા લૂં, કૌનસી તદબીર કરું? ૪૦.

* અનાદિકાલસે ઇસ સંસારમેં ભ્રમણ કરતે હુએ ઇસ જીવકે અપને કર્મવશ કૌન બાંધવ નહીં હુએ ઔર કૌન શત્રુ નહીં હોંગે? અર્થાત્ અપને અપને કર્મવશ સભી જીવ એક દૂસરેકે મિત્ર ઔર શત્રુ હુએ હૈં ઔર હોંગે. ફિર ભી ન જાને ક્યોં યહ મનુષ્ય નવીન કુટુંબકે મોહમેં પડકર આપત્તિમેં પડતા હૈં ઔર જૈનધર્મકો છોડકર સદા અપને હિતસે ભ્રષ્ટ હોતા હૈ, આત્મહિતમેં નહીં લગતા. ૪૧.

* હે નિર્બુદ્ધિ જીવ! આ શરીરરૂપ ઘર ખરેખર તને બંદીગૃહ (કેદખાના) સમાન જ છે. તેમાં તું વૃથા પ્રીતિ ન કર! એ શરીરરૂપ બંદીગૃહ હાડરૂપી સ્થૂલ પાષાણથી ચણેલું છે, નસોરૂપી જાળથી વીંટાયેલું છે, ચારે બાજુ ચર્મથી આચ્છાદિત છે, રુધિર અને સજલ માંસથી લીંપાયેલું છે, દુષ્ટકર્મરૂપી વેરીએ તેને રચ્યું છે અને આયુકર્મરૂપી ભારે બેડીથી તે બંધાયેલું છે. ૪૨.

* પૂર્વકર્મોંકે ઉદયસે આપત્તિયોંકે આજાને પર વીરતા હી પરમ રક્ષક હૈ. બારબાર શોચ કરના ઉચિત નહીં હૈ. ૪૩.

* કર્મોંકી ગતિ સર્પકે સમાન કુટિલ હૈં. કભી રાજા બના દેતે હૈં કભી રંક. સ્ત્રિયોંકા મન ભી ચંચલ હૈં. સંસારકા ઐશ્વર્ય ભી સ્થાયી નહીં હૈ, પાનીકી લહરોંકે સમાન ચપલ હૈ. મનુષ્યોંકા મન ભી ઈધર-ઉધર દૌડા કરતા હૈ. સંકલ્પ મદસે મત્ત સ્ત્રિયોંકી આંખોકી તરહ બહનેવાલા હૈ, યે સબ અસ્થિર હૈ, કેવલ એક મૃત્યુ હી નિશ્ચિત હૈ—ઐસા માનકર બુદ્ધિમાન પુરુષ તાત્ત્વિક ધર્મમેં મન લગાવે. ૪૪.

* તીન લોકમેં જિતને દુઃખ હૈં, પાપ હૈં ઔર અશુચિ વસ્તુયેં હૈં, ઉન સબકો લેકર ઇન મિલે હુઓંસે વિધાતાને વૈર માનકર શરીર બનાયા હૈ. ૪૫.

* ભાગ્યવશે રાજા પણ ક્ષણવારમાં નિશ્ચયે રંક સમાન થઈ જાય છે તથા સમસ્ત રોગ રહિત યુવાન પુરુષ પણ તરત જ મરણ પામે છે. આ રીતે અન્ય પદાર્થોના વિષયોમાં તો શું કહેવું? પણ જે લક્ષ્મી અને જીવન બંનેય સંસારમાં શ્રેષ્ઠ ગણવામા આવે છે તેમની પણ જો આવી

ા છે તો વિદ્વાન મનુષ્યે બીજા કોના વિષયમાં અભિમાન કરવું
ે? અર્થાત અભિમાન કરવા યોગ્ય કોઈ પણ પદાર્થ અહીં સ્થાયી
૪૬.

* કર્મરૂપી શત્રુઓંકો પકડનેકી ઇચ્છા કરનેવાલે બુદ્ધિમાનોંકો
ર-ભોગ ઔર શરીરમેં વૈરાગ્ય બડી બુદ્ધિમાનીકે સાથ સદા ભાવના
હૈ. ૪૭.

* હે મુને! તૂને માતાકે ગર્ભમેં રહકર જન્મ લેકર મરણ કિયા,
રે મરણસે અન્ય-અન્ય જન્મમેં અન્ય-અન્ય માતાકે રૂદનસે
કા નીર એકત્ર કરેં તબ સમુદ્રકે જલસે ભી અતિશયકર અધિકગુણા
વે અર્થાત્ અનંતગુણા હો જાવે. ૪૮.

* હે આત્મન્! તમે મોહનિદ્રા છોડીને સાવધાન થાવ અને જુઓ,
ન-સંપત્તિરૂપ માયામાં કેમ ભૂલી રહ્યાં છો? તમે કયાંથી આવ્યા
ને કયાં ચાલ્યા જશો અને દોલત જ્યાંની ત્યાં પડી રહેશે. લક્ષ્મી
ી નાત-જાતની નથી, વંશ પરંપરાની નથી, બીજું તો શું? તમારા
પ્રદેશનું પણ પ્રતિરૂપ નથી. જો એને તમે નોકરડી બનાવીને ન
તો એ તમને લાત મારશે, માટે મહાન થઈને તમારે આવો
ાય કરવો યોગ્ય નથી. ૪૯.

• જિનકી ભૌંહકે કટાક્ષોંકે પ્રારંભમાત્રસે બ્રહ્મલોક પર્યંતકા યહ
ભયભીત હો જાતા હૈ, તથા જિનકે ચરણોંકે ગુરુભારકે કારણ
કે દબનેમાત્રસે પર્વત તત્કાલ ખંડ ખંડ હો જાતે હૈં, ઐસે ઐસે
ોંકો ભી, જિનકી કિ અબ કહાની માત્ર હી સુનનેમેં આતી હૈં,
કાલને ખા લિયા હૈ. ફિર યહ હીનબુદ્ધિ જીવ અપને જીનેકી બડી
આશા રખતા હૈ, યહ કૈસી બડી ભૂલ હૈ! ૫૦.

* જુઓ તો ખરા આ દેહ, સ્નાન અને સુંગધી વસ્તુઓ વડે
રતા હોવા છતાં પણ તથા અનેક પ્રકારના ભોજનાદિ ભક્ષ્યો વડે
ા કરતા હોવા છતાં પણ જલ ભરેલા કાચા ઘડાની માફક ક્ષણમાત્રમાં
ા પામી જાય છે. ૫૧.

* સંસારમાં ભોગ–ઉપભોગની પ્રાપ્તિથી જેટલું સુખ થાય છે તેને અને તે ભોગ–ઉપભોગના નાશથી જેટલું દુઃખ થાય છે તેને સરખાવીએ તો ભોગ–ઉપભોગની પ્રાપ્તિથી થતાં સુખ કરતાં ભોગ–ઉપભોગના નાશથી થતું દુઃખ અત્યંત અધિક છે. ૫૨.

* સંસારમાં મનુષ્ય ભોજનથી ક્ષુધાને, શીતળ જળથી તરસને, મંત્રથી ભૂત-પિશાચાદિને, સામ, દામ, દંડ અને ભેદથી શત્રુને તથા ઔષધથી રોગોના સમૂહને શાંત કર્યા કરે છે. પરંતુ મૃત્યુને દેવ પણ શાંત કરી શકતા નથી. આ રીતે વિચાર કરીને વિદ્વાન મનુષ્યો મિત્ર અથવા પુત્ર મરવા છતાં શોક કરતા નથી, પણ એક માત્ર ધર્મનું જ આચરણ કરે છે અને તેનાથી જ તે મૃત્યુ ઉપર વિજય મેળવે છે. ૫૩.

* તું નિશ્ચયથી માન કે આ શરીર એક દુષ્ટ શત્રુના જેવું છે. શત્રુ જેમ હાથમાંથી છૂટયાં પછી ફરી કાબુમાં આવવો અત્યંત મુશ્કેલ છે, તેમ એ મનુષ્યશરીર પણ એકવાર અબોધ પરિણામે છૂટયાં પછી હાથમાં આવવું મુશ્કેલ છે. આત્મબોધ શરીરને કાબુમાં રાખવાનો એક અમોઘ મંત્ર છે. વળી આ શરીર, તે આત્મબોધથી વંચિતપણે છૂટયાં પછી એટલું જ્ઞાનબળ તારી પાસે નહિ રહે કે જેથી તું ફરી એને તારે વશ કરી શકે! તેથી જ આ અમૂલ્ય અવસરે તેની તારા ઉપરની સત્તાને નિર્મૂળ કર! ૫૪.

* નરકભૂમિની સામગ્રી તથા નારકીઓનું વિકરાળરૂપ જેવું છે તેવું જો કોઈને એક ક્ષણમાત્ર પણ સ્વપ્નમાં દેખાડે તો તે ભયથી પ્રાણ રહિત થઈ જાય.

નારકીઓના દેહાદિનો એક કણ અહીં આવે તો તેની દુર્ગંધથી અહીંના હજારો પંચેન્દ્રિય જીવો મરણ પામે.

નારકીઓના શબ્દ એવા ભયંકર તથા કઠોર છે કે જો અહીં સાંભળમાં આવે તો હાથીઓના ને સિંહોના હૃદય ફાટી જાય.

નરકમાં જે દુઃખદાયી સામગ્રી છે તેનો સ્વભાવ દેખાડવા કે અનુભવ કરાવવા સમસ્ત મર્ત્યલોકમાં કોઈ વસ્તુ દેખાતી નથી.

નરકમાં જે દુઃખ છે તે કોઈ કરોડો જીભ વડે કરોડો વર્ષ સુધી કહે તોપણ એક ક્ષણમાત્રના દુઃખને કહેવા સમર્થ નથી. ૫૫.

* દયારહિત યમરાજ જો મરણુસે ડરતા હૈ ઉસકો છોડતા નહીં હે. ઇસલિયે બેમતલબ ડર ન કર. અપના ચાહા હુઆ સુખ કભી નહીં પ્રાપ્ત હોતા હૈ ઇસલિયે તૂ ઇસ સુખકી ઇચ્છા ન કર. જો મર ગયા–નષ્ટ હો ગયા ઉસકા શોચ કરને પર લૌટકર નહીં આતા હૈ ઇસલિયે બેમતલબ શોક ન કર. સમજકર કામ કરનેવાલે વિદ્વાન બેમતલબ કામ કિસલિયે કરેંગે? ૫૬.

* જિસ સંસારમેં અનેક ઉપાયોંસે પાલન પોષણ કરકે બઢાઈ હુઈ ભી યહ અપની દેહ ભી અપની નહીં હોતી હૈ વહાં અપને અપને પૂર્વમેં બાંધે હુએ કર્મોકે વશ પડે હુએ પુત્ર, સ્ત્રી, મિત્ર, પુત્રી, જમાઈ વ પિતા આદિક બિલકુલ જુદે પદાર્થ કિન જીવોંકે અપને પ્રગટપને હો સકતે હૈં? ઐસા જાન કરકે બુદ્ધિમાન માનવકો સદા અપની બુદ્ધિ અપને આત્મામેં સ્થિર કરની ઉચિત હૈ. ૫૭.

* તરહ તરહકે આરંભોમેં લીન બડે બડે મનુષ્યોંકે દ્વારા એકત્ર કરકે કઠિનતાસે પ્રાપ્ત કરને યોગ્ય ઐસા ભી જો પરિગ્રહ પ્રાણોંકે વિયોગ હોને પર તિનકેકે સમાન છોડ દેના પડતા હૈ. પરંતુ તૂ દુઃખોંકો ઉત્પન્ન કરનેવાલે ઉસ પરિગ્રહકો પહલે હી દૂરસે મન, વચન, કાય તીનોંસે છોડ દે. તૂ અપને ચિત્તકો વિષ્ટામેં પડે હુએ લાડ્કો ઉઠાકર ફિર કેંકકર હંસીકા સ્થાન મત બન. ૫૮.

* આ પ્રાણી, ધન–યૌવન–જીવન જળના બુદ્‌બુદની માફક તુરત વિલય પામી જતાં જોવા છતાં પણ તેને નિત્ય માને છે એ જ મોટું આશ્ચર્ય છે—એ જ મોહનું મહા બળવાન માહાત્મ્ય છે.

હે ભવ્ય જીવ! તું સમસ્ત વિષયોને વિનાશીક સાંભળીને મહામોહને છોડી તારા અંતઃકરણને વિષયોથી રહિત કર. જેથી તું ઉત્તમ સુખને પ્રાપ્ત થાય. ૫૯.

* નિર્દય પુરુષોંકે દ્વારા ચલાયે હુએ વચનરૂપ શસ્ત્ર ઇસ પૃથ્વીતલ પર જીવોંકે મર્મકો તીક્ષ્ણ શસ્ત્રોંકે સમાન તત્કાલ છેદન કરતે હૈં ક્યોંકી અસત્ય વચનકે સમાન દૂસરા કોઈ ભી શસ્ત્ર નહીં હૈ. ૬૦.

* મનુષ્ય પ્રાણીની દુર્લભતા અને ઉત્તમતાને લઈને વિધિરૂપ મંત્રીએ તેની અનેક પ્રકારે રક્ષા કરી. દુષ્ટ પરિણામી નરકના જીવોને અધો ભાગમાં રાખ્યા, દેવોને ઊર્ધ્વભાગમાં રાખ્યા, લોકની ચારે તરફ અનેક મહાન અલંઘ્ય સમુદ્ર તથા તેની ચારે તરફ ઘનોદધિ, ઘન અને તનુ એ નામના ત્રણ પવનથી વીંટી વિસ્તીર્ણ કોટ કરી રાખ્યો અને વચ્ચે પૂર્ણ જતનથી મનુષ્ય-પ્રાણીને રાખ્યા. આટલા આટલા વિધિના પૂર્ણ જાપ્તા છતાં પણ મનુષ્ય-પ્રાણી મરણથી ન બચ્યાં. અહો! યમરાજ અત્યંત અલંઘ્ય છે. ૬૧.

* હે જીવ! આમ છે અને તેમ છે એમ ઘણું કહેવાથી શું સિદ્ધિ છે? આ સંસારમાં પરિભ્રમણ કરતાં તેં આવા શરીર તો અનંતવાર મેળવ્યાં અને છોડયાં. ટૂંકામાં એટલું જ કહેવાનું કે જીવને શરીર (શરીર પ્રત્યેની મમત્વબુદ્ધિ) એ જ સર્વ આપત્તિનું સ્થાન છે. ૬૨.

* હે મૂઢ જીવ! તું અહીં અલ્પ દુઃખને પણ સહન કરી શકતો નથી તો વિચાર તો ખરો કે ચારગતિના ભયંકર દુઃખોના કારણભૂત કર્મોને તું શા માટે કરે છે? ૬૩.

* વિધિ–દૈવ–ભાગ્ય ભુજંગકે સમાન ટેઢા ચલતા હૈ. કભી વૈભવકે શિખર પર ચઢતા હૈ તો કભી વિપત્તિકી ખાઈમેં ગિરાતા હૈ. આજ શ્રીમંત હૈ તો કલ દરિદ્રી બનકર ઘૂમતા ફિરતા હૈ. જીવન પવનવેગકી તરહ ચંચલ હૈ. ધન કમાનેમેં કષ્ટ. ઉસકી રક્ષા કરનેમેં કષ્ટ. અંતમેં કિસી કારણસે ધનકા વિયોગ હોને પર યહ જીવ અતિ કષ્ટી હોતા હૈ. યૌવન શીઘ્ર હી નષ્ટપ્રાય હોતા હૈ. તથાપિ યહ જીવ સંસારકી નાનાવિધ સંકટ પરંપરાસે ભયભીત હોતા નહીં. યહ બડા આશ્ચર્ય હૈ. ૬૪.

* સંસારમાં લોકો પોતાના કોઈ સંબંધી મનુષ્યનું મૃત્યુ થતાં જે વિલાપપૂર્વક ચીસો પાડીને રુદન કરે છે તથા તેનો જન્મ થતાં જે હર્ષ કરે છે તેને ઉન્નત બુદ્ધિના ધારક ગણધર આદિ પાગલપણું કહે છે. કારણ કે મૂર્ખતાવશ જે ખોટી પ્રવૃત્તિઓ કરવામાં આવી હોય તેનાથી થતાં કર્મના પ્રકૃષ્ટ બંધ અને તેના ઉદયથી સદા આ આખુંય વિશ્વ મૃત્યુ અને ઉત્પત્તિની પરંપરાસ્વરૂપ છે. ૬૫.

* જે મનુષ્યો પ્રતિદિન જિનેન્દ્રદેવનું ન તો દર્શન કરે છે, ન સ્મરણ કરે છે, ન પૂજન કરે છે, ન સ્તુતિ કરે છે અને સમર્થ હોવા છતાં પણ ભક્તિથી મુનિજનોને ઉત્તમ દાન પણ દેતા નથી, તેમનું ગૃહસ્થાશ્રમપદ પથ્થરની નાવ સમાન છે; તેના ઉપર બેસીને તે મનુષ્યો અત્યંત ભયાનક સંસારરૂપી સમુદ્રમાં ગોથા ખાતા થકા નાશ જ પામવાના છે. ૬૬.

* ત્રણલોકના જીવોને નિરંતર મરતાં દેખીને પણ જે જીવ પોતાના આત્માનો અનુભવ નથી કરતા અને પાપોથી વિરક્ત નથી થતાં—એવા જીવોના ધીઠપણાને ધિક્કાર હો. ૬૭.

* ધન, પરિજન ( દાસ–દાસી ), સ્ત્રી, ભાઈ ઔર મિત્ર આદિકે મધ્યમેંસે જો ઇસ પ્રાણીકે સાથ જાતા હૈ ઐસા યહ એક ભી કોઈ નહીં હૈ. ફિર ભી પ્રાણી વિવેકસે રહિત હોકર ઉન સબકે વિષયમેં તો અનુરાગ કરતે હૈં, કિન્તુ ઉસ ધર્મકો નહીં કરતે હૈં જો કિ જાનેવાલેકે સાથ જાતા હૈ. ૬૮.

* તીવ્ર રોગ ઔર કઠોર દુ:ખરૂપી વૃક્ષોંસે ભરે સંસારરૂપી ભયાનક વનમેં વૃદ્ધાવસ્થારૂપી શિકારીસે ડરકર મૃત્યુરૂપી વ્યાઘ્રકે ભયાનક મુખમેં ચલે ગયે પ્રાણીકો તીનોં લોકમેં કૌન બચા સકતા હૈ ? ઉસે યદિ બચા સકતા હૈ તો જન્મ-જરા-મરણકા વિનાશ કરનેવાલા જિનભગવાનકે દ્વારા ઉપદિષ્ટ ધર્મામૃત હી બચા સકતા હૈ. ઉસે છોડ અન્ય કોઈ નહીં બચા સકતા. ૬૯.

* માતાના ગર્ભમાં રહેવાથી જે દુઃખ થાય છે તે નરકની માફક અતિશય તીવ્ર હોય છે તથા કુંભીપાક સમાન હોય છે. ( ઘડાની માફક શરીરને અગ્નિમાં નાંખે છે. ) નરકમાં નારકી જીવ અન્ય નારકીને ખૂબ રીબાવી–રીબાવીને બાળે છે તેવું દુઃખ ગર્ભમાં જીવને થાય છે. વળી ગર્ભાશય રુધિરથી અતિશય ઘૃણાસ્પદ હોય છે. એવા ગર્ભમાં મારે રહેવું પડશે એવો ભય જેના મનમાં ઉત્પન્ન થવાથી, તેનાથી દૂર રહેવા માટે મુનિરાજ હંમેશા જિનવાણીના ચિંતનમાં તત્પર થાય છે. ૭૦.

* ઘણો લાંબો સમય અતિચાર રહિત જ્ઞાન-દર્શન-ચારિત્ર વિષે

પ્રવૃત્તિ કરીને પણ કોઈ પુરુષ મરણ સમયે ચાર આરાધનાનો વિનાશ કરીને અનંત સંસારી થતાં ભગવાને જોયેલ છે માટે મરણ સમયે જેમ આરાધના બગડે નહિ તેમ યત્ન કરો. ૭૧.

* આ મનુષ્ય શું વાનો રોગી છે? શું ભૂત–પિશાચ આદિથી ગ્રહાયો છે? શું ભ્રાંતિ પામ્યો છે? અથવા શું પાગલ છે? કારણ કે તે 'જીવન આદિ વીજળી સમાન ચંચળ છે' આ વાત જાણે છે, દેખે છે અને સાંભળે પણ છે તોપણ પોતાનું કાર્ય (આત્મહિત) કરતો નથી. ૭૨.

* હે શિષ્ય! જો કુછ પદાર્થ સૂર્યકે ઉદય હોનેપર દેખે થે, વે સૂર્યકે અસ્ત હોનેકે સમય નહીં દેખે જાતે, નષ્ટ હો જાતે હૈં. ઇસ કારણ તૂ ધર્મકો પાલન કર, ધન ઔર યૌવન અવસ્થામેં ક્યા તૃષ્ણા કર રહા હૈ? ૭૩.

* શ્રીગુરુ જગવાસી જીવોને ઉપદેશ આપે છે કે તમને આ સંસારમાં મોહનિદ્રા લેતાં અનંતકાળ વીતી ગયો; હવે તો જાગો અને સાવધાન અથવા શાન્તચિત્ત થઈને ભગવાનની વાણી સાંભળો!—કે જેનાથી ઇન્દ્રિયોના વિષય જીતી શકાય છે. મારી પાસે આવો, હું કર્મકલંક રહિત પરમ આનંદમય તમારા આત્માના ગુણ તમને બતાવું. શ્રીગુરુ આવો વચનો કહે છે તોપણ સંસારી મોહી જીવ કાંઈ ધ્યાન આપતા નથી, જાણે કે તેઓ માટીના પૂતળા છે અથવા ચિત્રમાં દોરેલા મનુષ્ય છે. ૭૪.

* મોહના ઉદયરૂપ વિષથી મિશ્રિત સ્વર્ગનું સુખ પણ જો નશ્વર હોય તો ભલા બીજા તુચ્છ સુખોના સંબંધમાં શું કહેવું? અર્થાત્ તે તો અત્યંત વિનશ્વર અને હેય છે જ, તેથી મને એવા સંસાર સુખથી બસ થાવ–હું એવું સંસાર સુખ ચાહતો નથી. ૭૫.

* હે દુર્બુદ્ધિ પ્રાણી! જો અહીં તને કોઈ પણ પ્રકારે મનુષ્ય-જન્મ પ્રાપ્ત થઈ ગયો છે તો પછી પ્રસંગ પામીને પોતાનું કાર્ય (–આત્મહિત) કરી લે. નહિ તો જો તું મરીને કોઈ તિર્યંચ પર્યાય પામીશ તો પછી તને સમજાવવા માટે કોણ સમર્થ થશે? અર્થાત્ કોઈ સમર્થ થઈ શકશે નહિ. ૭૬.

# અહા ! જુઓ તો ખરા ! જગતના જીવોના પરિણામની વિચિત્રતા ! !

[ દ્વિ. વૈશાખ વદ ૬ ના રોજ સુવર્ણપુરીમાં સમવસરણ-મંદિરની પ્રતિષ્ઠાનો પ૦મો વાર્ષિકદિન આનંદોલ્લાસથી ઉજવાયો હતો. ]

આજે સમવસરણની પ્રતિષ્ઠાનો વાર્ષિક દિવસ છે. જુઓ, સમવસરણ શું ચીજ છે અને તેને કબૂલનારે કેટલું કબૂલ કરવું જોઈએ ?—કે જગતમાં અનંત આત્માઓ ભિન્ન ભિન્ન છે; અનાદિથી આત્મા પોતાના સ્વભાવનું ભાન ભૂલીને ચાર ગતિમાં રખડતો હતો; પછી આત્માનું યથાર્થ ભાન કર્યું ને પૂર્ણ વીતરાગતા ન થઈ ત્યાં રાગ રહ્યો; તે રાગમાં કોઈ જીવને એવો શુભરાગ હોય કે તીર્થંકરનામકર્મ બંધાય છે. કોઈ જીવ એમ માને કે "મારે તીર્થંકર થવું છે માટે હું શુભરાગ કરીને કે સોળકારણ ભાવના ભાવીને તીર્થંકરનામકર્મ બાંધું"—તો એમ તીર્થંકર થવાતું નથી. તીર્થંકર-નામકર્મ જેનાથી બંધાય એવો રાગ સમ્યગ્દૃષ્ટિની ભૂમિકામાં જ આવે છે પણ ધર્મી જીવને તે રાગની કે તીર્થંકરનામકર્મની ભાવના હોતી નથી. સમકિતી જીવોમાં પણ બધાયને તીર્થંકરનામકર્મ નથી બંધાતું. બધા સમકિતી જીવોને રાગ એક સરખો નથી હોતો. રાગ તે આત્માના ચારિત્રગુણની વિપરીત અવસ્થા છે. સ્વભાવના ભાનની ભૂમિકામાં પણ વીતરાગતા ન થાય ત્યાં સુધી રાગ હોય છે પણ તેમાં જેના નિમિત્તે તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારનો રાગ તો અમુક જીવને જ હોય છે. ત્યાર પછી તે રાગ ટાળીને વીતરાગતા પ્રગટ કરી સર્વજ્ઞ થાય ત્યારે જ તે તીર્થંકરનામકર્મનો ઉદય આવે છે અને ઇંદ્ર વગેરે આવીને તે તીર્થંકરના દૈવી સમવસરણની રચના કરે છે. આવું સમવસરણ અત્યારે આ ભરતક્ષેત્રમાં નથી. પણ જ્યારે અહીં મહાવીર પરમાત્મા બિરાજતા હતા ત્યારે સમવસરણ હતું ને દેવો આવીને ભગવાનની સેવા–ભક્તિ કરતા હતા. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધર પરમાત્મા તીર્થંકરપણે બિરાજે છે. તેમને આવું સમવસરણ છે. અહીં તો (–સોનગઢમાં) તેનો નમૂનો છે.

જુઓ, સમવસરણને સ્વીકારતા કેટલું સ્વીકારવાનું આવ્યું ?

આત્મા છે તે એક જ નથી પણ ભિન્ન ભિન્ન અનંત આત્માઓ છે.

તેની અવસ્થામાં વિકાર છે.

તે વિકારના નિમિત્તે કર્મ બંધાય છે, એટલે કે જગતમાં અજીવતત્ત્વો પણ છે.

તીર્થંકરનામકર્મ અમુક જીવને જ બંધાય છે. બધાને બંધાતું નથી, એટલે જીવોના પરિણામની વિચિત્રતા છે.

રાગ ટળીને સર્વજ્ઞદશા પ્રગટે છે, ને એવી સર્વજ્ઞદશામાં તીર્થંકર ને સમવસરણ હોય છે.

આ ક્ષેત્ર સિવાય મહાવિદેહ ક્ષેત્ર વગેરે ક્ષેત્રો પણ છે જ.

—આ બધી કબૂલાત આવે ત્યારે સમવસરણને માની શકે.

જગતમાં અનંત આત્માઓ ભિન્ન ભિન્ન છે; દરેક આત્માનો જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વભાવ છે, તે ત્રિકાળ છે અને ક્ષણે ક્ષણે તેની અવસ્થા પલટે છે. તે અવસ્થામાં શ્રદ્ધા જ્ઞાન સાચા થવા છતાં ચારિત્રગુણની અવસ્થામાં વિપરીતતા પણ રહે છે. ચારિત્રની વિપરીતતાથી રાગ થાય છે. તે રાગ દરેક જીવને એક સરખો નથી હોતો, પણ તેમાં દરેક આત્માને તારતમ્યતા હોય છે, કોઈને અમુક પ્રકારનો રાગ આવે ને કોઈને બીજા પ્રકારનો રાગ આવે. કોઈ જીવ એમ માને કે "મારે અમુક જ પ્રકારનો રાગ કરવો છે" તો તે જીવ રાગનો કર્તા થાય છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. હું જ્ઞાનમૂર્તિ છું, રાગનો એક અંશ પણ મારું સ્વરૂપ નથી—એમ જેને આત્માનું ભાન થયું હોય, પણ હજી પૂર્ણ વીતરાગતા પ્રગટી ન હોય, તેવા જીવોમાં જે જીવ તીર્થંકર થવાને લાયક હોય તેને જ તીર્થંકરનામકર્મ બંધાય એવી જાતના પરિણામ આવે છે ને તેને જ તીર્થંકરનામકર્મ બંધાય છે. જુઓ, અંદરમાં રાગરહિત સ્વભાવનું ભાન, છતાં પર્યાયમાં ચારિત્રની નબળાઈનો રાગ, અને તેમાં પણ એવો રાગ કે જેના નિમિત્તે સામે તીર્થંકરપ્રકૃતિરૂપે પરિણમવાની લાયકાતવાળા પરમાણુઓ તથા તેના ફળમાં સમવસરણની રચના બને અને આત્માની પૂર્ણ વીતરાગદશા થતાં સમવસરણની વિભૂતિનો સંયોગ—આ બધુંય માને તો જ સમવસરણને યથાર્થપણે સ્વીકારી શકે.

તીર્થંકરપ્રકૃતિ કોને બંધાય ?—કે જેને રાગનો આદર ન હોય તેને; અને તે પ્રકૃતિનું ફળ ક્યારે આવે ?—કે જ્યારે તે રાગ ટળીને વીતરાગદશા પ્રગટે ત્યારે. તીર્થંકર-પ્રકૃતિનું બંધન તો નીચલી દશામાં ધર્મીને થાય છે પણ તેનો ઉદય તેરમાં ગુણસ્થાને જ આવે છે. જે રાગથી તીર્થંકર પ્રકૃતિ બંધાણી તે રાગ ટળી ગયા પછી જ તેનો ઉદય આવે છે. આ વાત સમજવા જેવી છે. જેને પુણ્ય-સામગ્રીના ભોગવટાની ઇચ્છા છે તેને પુણ્ય-સામગ્રીની પૂર્ણતા હોતી નથી. તીર્થંકરના પુણ્ય સર્વોત્કૃષ્ટ હોય છે પણ તેનું ફળ સાધકદશામાં આવતું નથી; રાગ ટાળીને કેવળજ્ઞાન થયા પછી જ તે તીર્થંકર-પ્રકૃતિનું ફળ આવે છે; પણ તે વખતે તે જીવને સામગ્રીના ભોગવટાનો રાગ ભાવ હોતો નથી. પહેલાં નીચલી દશામાં રાગરહિત પૂર્ણ સ્વભાવની દૃષ્ટિ પ્રગટી. તે ભૂમિકામાં તીર્થંકરપ્રકૃતિ બંધાણી; અને પછી અંતરમાં પૂર્ણ સ્વભાવની ભાવના ભાવતાં ભાવતાં કેવળજ્ઞાન થયું ત્યાં બહારમાં તીર્થંકરપ્રકૃતિનો ઉદય આવ્યો ને સમવસરણની રચના થઈ પણ તે કેવળી ભગવાનને સંયોગના ભોગવટા તરફનું વલણ રહ્યું નથી. અહો ! સો ઇંદ્રો આવીને તીર્થંકરનાં ચરણકમળને ભક્તિથી પૂજે છે ને દૈવી સમવસરણ રચે છે.

છતાં ભગવાનને રાગ નથી; ભગવાન તો પોતાના સ્વરૂપના પૂર્ણાનંદના ભોગવટામાં લીન છે. જુઓ સમવસરણ માનનારે આત્માની આવી દશાની ઓળખાણ કરવી જોઈએ. આવી પૂર્ણાનંદી વીતરાગ દશામાં જ સમવસરણનો યોગ હોય છે, રાગી જીવને સમવસરણ હોઈ ન શકે.

આત્મા છે, તેનામાં અનંત ગુણો છે, તેનું સમય સમયનું સ્વતંત્ર પરિણમન છે; તેમાં ચારિત્રગુણની વિપરીત દશામાં રાગ થાય છે, તે રાગના નિમિત્તે કોઈ જીવને તીર્થંકર નામકર્મ બંધાય છે ને તેના ફળમાં સમવસરણ રચાય છે.—આ બધું સ્વીકારે તો જ સમવસરણને માન્યું કહેવાય. આત્માના ત્રિકાળી સ્વભાવને, રાગને અને સંયોગને—એ બધાયને જે સ્વીકારે તેને રાગની કે સંયોગની ભાવના હોતી નથી, પણ પોતાના સ્વભાવની જ ભાવના હોય છે. આ બધી કબૂલાત આવ્યા વગર તીર્થંકર કે તીર્થંકરના સમવસરણને યથાર્થપણે માની શકે નહિ.

સ્વભાવ, રાગ અને સંયોગ—એ ત્રણે એકસાથે વિદ્યમાન છે, તેમાં ધર્મીની રુચિ સ્વભાવ ઉપર પડી છે, તેને સંયોગની કે રાગની રુચિ હોતી નથી. સમવસરણનો સંયોગ આત્માનો લાવ્યો લવાતો નથી, તે તો જગતના પરમાણુઓનું પરિણમન છે. જગતમાં જીવ અને જડ બધી વસ્તુઓ ક્ષણે ક્ષણે સ્વતંત્રપણે પરિણમી રહી છે. તેમાં અનાદિથી તે પ્રકારની ખાસ લાયકાતવાળા જીવને જ તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારના શુભ પરિણામ આવે છે, ને તેના ઉદય વખતે બહારમાં સમવસરણની રચના થાય એવું પરમાણુઓનું પરિણમન હોય છે. સમકિતી જીવને તો સમવસરણના સંયોગની કે જે ભાવથી તીર્થંકરપ્રકૃતિ બંધાણી તે શુભ ભાવની ભાવના હોતી નથી, તેને તો પોતાના અસંયોગી ચૈતન્યતત્ત્વની જ ભાવના છે, મિથ્યાદૃષ્ટિ જીવને સંયોગની ને રાગની ભાવના છે, તેને કદી તીર્થંકરનામકર્મ બંધાતું નથી.

જુઓ તો ખરા જગતના જીવોના પરિણામોની વિચિત્રતા! એક જીવને સમવસરણ રચાય ને બીજાને ન રચાય,—તેનું કારણ શું? અનેક સમ્યગ્દૃષ્ટિ જીવો હોય તેમાં પણ કોઈકને જ તીર્થંકરનામકર્મ બંધાય તેવા પ્રકારના શુભ પરિણામ આવે ને બીજા જીવોને તેવા પરિણામ કદી આવે જ નહિ; એ જ પ્રમાણે કોઈ જીવને આહારક શરીર બંધાય તેવા પ્રકારનો શુભરાગ આવે ને બીજા જીવોને મોક્ષ પામતાં સુધીનાં કાળમાં કદી પણ તેવા પ્રકારના પરિણામ ન આવે; કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવને સર્વાર્થસિદ્ધિનો ભવ મળે એવી જાતના પરિણામ થાય ને કોઈ સમ્યગ્દૃષ્ટિને પહેલાં સ્વર્ગનું ઇન્દ્રપદ મળે તેવા પરિણામ થાય. કોઈ જીવ ચક્રવર્તી થઈને પછી મુનિ થઈને મોક્ષ પામે;—અને કોઈ જીવ સાધારણ મનુષ્ય થઈને પછી મુનિ થઈ મોક્ષે પામે. સંસારમાં જીવોનાં પરિણામની આવી વિવિધતા છે ને નિમિત્તરૂપે પુદ્ગલના પરિણમનમાં પણ તેવી વિચિત્રતા છે. બધાય જીવો અનાદિથી ચાલ્યા આવે છે. દ્રવ્યે અને ગુણે બધા જીવો

સરખા છે, છતાં પરિણામમાં ભિન્ન ભિન્ન પ્રકારો થાય છે, તેનું કારણ શું?—તેનું કારણ કોઈ નથી, સંસારમાં પરિણામોની આવી જ વિચિત્રતા છે. ધર્મીજીવ પોતાના ત્રિકાળ એકરૂપ સ્વભાવની દૃષ્ટિપૂર્વક સંસારની આવી વિચિત્રતાને જાણે છે.

અનાદિ અનંત કાળમાં કદી તીર્થંકરપણાનો ભાવ જ ઘણા જીવોને તો ન આવે. કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામી જાય પણ વચ્ચે જેનાથી તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારનો ભાવ ન આવે અને કોઈ જીવને તેવો ભાવ આવે. મોક્ષ તો બન્ને જીવો પામે, પણ તેમના પરિણામમાં વિચિત્રતા છે. એનું કારણ શું? એનું કારણ તે તે પર્યાયની તેવી જ યોગ્યતા! આ એક 'યોગ્યતા વાદ' એવો છે કે બધા પ્રકારોમાં લાગુ પડે એટલે કે બધાં પ્રકારોનું સમાધાન કરી નાખે. તે નક્કી કરતાં 'આમ કેમ?' એવો પ્રશ્ન જ્ઞાનમાં રહેતો નથી.

જુઓ, આ સંસારના સ્વરૂપની વિચારણા! કોણ આ વિચાર કરે છે? 'હું જ્ઞાનસ્વભાવ છું, મારા સ્વભાવમાં સંસાર નથી' એવા ભાનપૂર્વક ધર્મીજીવ સંસારના સ્વરૂપનો વિચાર કરે છે; સંસાર-રહિત સ્વભાવની દૃષ્ટિ જેને પ્રગટી નથી તેને સંસારના સ્વરૂપનો યથાર્થ વિચાર હોતો નથી. જેનાથી તીર્થંકરનામકર્મ બંધાય, જેનાથી સર્વાર્થસિદ્ધિનો ભવ મળે, જેનાથી આહારકશરીર મળે તથા જેનાથી ઇંદ્રપદ કે ચક્રવર્તીપદ મળે—એવા પ્રકારના પરિણામ સમ્યગ્દૃષ્ટિને જ હોય છે પણ સમ્યગ્દૃષ્ટિને તેની ભાવના હોતી નથી, તેમજ બધા સમ્યગ્દૃષ્ટિને તેવા પ્રકારના પરિણામ આવતા નથી; જેનામાં તે તે જાતની લાયકાત હોય તેને જ તેવા પરિણામ થાય છે. કોઈક સમ્યગ્દૃષ્ટિને પણ અનાદિ શાંત સંસારમાં તેવી જાતના પરિણામ કદી આવતા નથી. અરે, સંસારમાં જેમણે કદી સ્વર્ગનો કે નરકનો એક પણ ભવ કર્યો ન હોય, અનાદિ નિગોદમાંથી નીકળી, મનુષ્ય થઈને મોક્ષ પામી જાય–એવા જીવો પણ હોય છે. જુઓ તો ખરા વિચિત્રતા! કોઈ જીવો તો અનંતવાર સ્વર્ગના ને નરકના અવતાર કરી ચૂકયા, ને કોઈ જીવને અનાદિ શાંત સંસારમાં સ્વર્ગ કે નરકનો ભવ થાય તેવા પરિણામ જ ન આવ્યા! એક જીવ તો તીર્થંકર થઈને મોક્ષ પામે છે ને બીજો જીવ સાધારણ રાજા પણ થતો નથી, સાધારણ મનુષ્ય થઈને મોક્ષ પામે છે. જીવોના તે તે જાતના વિકલ્પોની વિચિત્રતા છે. ધર્મીને તે વિચિત્રતા દેખીને આશ્ચર્ય થતું નથી, કેમ કે તે એકલી વિચિત્રતાને જ નથી દેખતો, પણ એકરૂપ સ્વભાવની દૃષ્ટિ મુખ્ય રાખીને પર્યાયની વિચિત્રતાનું જ્ઞાન કરે છે; આવા સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને જ સંસારના બધા પડખાઓનું ભાન હોય છે, ને તેને જ "સંસારભાવના" હોય છે. એકલી પર્યાયબુદ્ધિવાળા અજ્ઞાની જીવો તો પર્યાયની વિચિત્રતાને દેખીને વિસ્મયતામાં અટકી જાય છે, ને જ્ઞાનીને સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી પર્યાયની વિચિત્રતામાં વિસ્મયતા થતી નથી, પણ ક્ષણે ક્ષણે વીતરાગતા વધે છે.

અજ્ઞાનીને તો બાર-ભાવના યથાર્થ હોતી નથી. વિચિત્રતાના પરિણામ ઉપર જ જેની રુચિ છે ને દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી, તેને વિચિત્રતામાં રાગ-દ્વેષ થયા વિના રહેતા નથી. સંસાર-ભાવનાવાળાને પર્યાયબુદ્ધિ હોતી નથી પણ ચિદાનંદ સ્વભાવ ઉપરની દૃષ્ટિ-પૂર્વક આ પ્રકારના વિચારની શ્રેણી ચાલે છે, તેને પર્યાયની વિચિત્રતાનું વિસ્મય નથી.

સંસારમાં અનાદિ કાળથી કોઈ જીવ તો તિર્યંચ પંચેન્દ્રિયપણું પામ્યો જ ન હોય, તેવા ભાવ જ તેને ન આવ્યા હોય, ને નિગોદમાંથી નીકળી મનુષ્ય થઈ મોક્ષ પામી જાય, તથા કોઈ જીવને એકેન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચ સુધીના અનંત ભવો થઈ ગયા હોય, નવમી ગ્રૈવેયકના તથા સાતમી નરકના અનંત ભવ થઈ ગયા હોય!

જુઓ! આ સંસારની વિચિત્રતા! ધર્મી જીવને સ્વ-પરની પર્યાયની અનેક પ્રકારની વિચિત્રતા ખ્યાલમાં આવતા તેમાં વિસ્મયતા લાગતી નથી,—'આમ કેમ?' એવો પ્રશ્ન તેને રહેતો નથી. સંસારમાં એવી વિચિત્રતા હોય. ધર્મીને પર્યાયબુદ્ધિ નથી. "જે પર્યાય થવાની હોય તે ફેરવી શકાતી નથી."—એમ જે જાણે તેને દ્રવ્યબુદ્ધિ થયા વિના રહે નહિ. પર્યાય સ્વતંત્ર છે—એમ માને તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવી જોઈએ, ને દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોય તેને પર્યાયમાં શુદ્ધતા વધતી જાય છે.

જગતમાં અનંત જીવો છે. તેમનાં દ્રવ્ય-ગુણ સરખા હોવા છતાં પર્યાયમાં વિચિત્રતા છે. ત્યાં પર્યાય પણ સ્વતંત્ર થાય છે. "આ કાળે આવી જ પર્યાય કરું" એમ જે માને તેને પર્યાયની સ્વતંત્રતાની પ્રતીત નથી, ને દ્રવ્ય-ગુણની પણ પ્રતીત નથી.

જુઓ, આજે સમવસરણનો દિવસ છે.

એક પણ વાત યથાર્થ કબૂલે તો અંદરમાં જ્ઞાનસ્વભાવી આત્માની પ્રતીત થયા વિના રહે નહિ. પુણ્ય, સમવસરણ, તીર્થંકર એક પણ વાતને યથાર્થ કબૂલતાં જ્ઞાનસ્વભાવની પ્રતીત થયા વિના રહે નહિ. વિચિત્રતાના કાળે વિચિત્રતા છે, દ્રવ્ય-ગુણ સરખાં હોવા છતાં પર્યાયના પ્રકારમાં ફેર કેમ?-એવો સંદેહ કે વિસ્મયતા જ્ઞાનીને નથી. પોતાના એકરૂપ સ્વભાવ ઉપર દૃષ્ટિ રાખીને ધર્મી તે વિચિત્રતાને જાણે છે.

જુઓ, જગતમાં સમવસરણ અનાદિથી છે. ભગવાન મહાવીર પરમાત્મા જ્યારે અહીં બિરાજતા હતા ત્યારે અહીં પણ સમવસરણ હતું, અને સીમંધર ભગવાન અત્યારે મહાવિદેહમાં બિરાજે છે, ત્યાં સમવસરણ છે, સંત મુનિઓનાં ટોળાં છે, ત્યાં ભગવાનની વાણીમાં એક સાથે બાર અંગનો બોધ આવે છે, એક સમયમાં પૂર્ણતા આવે છે, ને સમજનારા પોતાની યોગ્યતા પ્રમાણે સમજે છે. અત્યારે પણ કહેનારાના અભિપ્રાયની જેટલી ગંભીરતા હોય, તે પ્રમાણે કાંઈ બધા સમજતા નથી, પણ સૌ પોતપોતાના ક્ષયોપશમની યોગ્યતા પ્રમાણે સમજે છે ને!

જગતમાં જીવો છે. તેના દ્રવ્ય-ગુણ એકરૂપ છે. પર્યાયમાં વિકાર છે. તેમાં કોઈ

જીવને તીર્થંકરનામકર્મ બંધાય છે ને તેના ફળમાં સમવસરણ રચાય છે;—આમ બધાની અસ્તિ કબૂલે તો સમવસરણને માની શકે.

જુઓ, કોઈ જીવ આત્માનું ભાન કરીને યથાર્થ ચારિત્ર દશા પ્રગટ કરીને મુનિ થાય. હજારો વર્ષ આત્માના જ્ઞાન-ધ્યાનમાં રહે છતાં તેને તીર્થંકરનામકર્મ ન બંધાય ને ચોથા ગુણસ્થાને કોઈ સમ્યગ્દષ્ટિ જીવને પણ તીર્થંકરનામકર્મ બંધાઈ જાય! ત્યાં મુનિને એમ શંકા નથી પડતી કે "અરે! આ અવિરતિ સમ્યગ્દષ્ટિને તીર્થંકર નામકર્મ બંધાયું ને મને ચારિત્રદશા હોવા છતાં મારે તીર્થંકરનામકર્મ ન બંધાયું? શું મારા ચારિત્રમાં કાંઈ ખામી હશે?" મુનિને તો ભાન છે કે મારા ચારિત્રનું ફળ બહારમાં ન આવે. ચારિત્રના ફળમાં તો કેવળજ્ઞાન થઈને મોક્ષદશા પ્રગટે. તીર્થંકરનામકર્મ તો રાગનું ફળ છે. આત્માના ચારિત્રના ફળમાં તો અંદરમાં શાંતિ આવે; શું ચારિત્રથી કાંઈ કર્મ બંધાય? ચારિત્ર તો ધર્મ છે. તેનાથી બંધન થાય નહિ અને જે ભાવથી બંધન થાય તેને ધર્મ કહેવાય નહિ. સમ્યગ્દષ્ટિને રાગથી તીર્થંકરનામકર્મ બંધાય છે. ત્યાં તેને તેની ભાવના નથી, ને તે રાગને ધર્મ માનતા નથી. જુઓ, આ સંસારભાવના!

યથાર્થ તત્ત્વના ભાન વિના બાર-ભાવના યથાર્થ હોય નહિ. જગતમાં અનેક જીવો છે, તે દ્રવ્યે-ગુણે સરખા હોવા છતાં કોઈ તીર્થંકરનામકર્મ બાંધે, કોઈ ન બાંધે, ક્ષાયિક સમ્યગ્દર્શન હોય છતાં કોઈને તીર્થંકરનામકર્મ ન બંધાય, ને ક્ષયોપશમવાળાને બંધાય, તેનું કારણ? તે તે પર્યાય સત છે, તેમાં "આમ કેમ?"—એવો પ્રશ્ન નથી. વસ્તુનું આવું સત સ્વરૂપ છે. દ્રવ્ય સત, ગુણ સત્ ને પર્યાય પણ સત—એમ સતની પ્રતીત કર તો 'આમ કેમ?'—એવો પ્રશ્ન નહિ રહે પણ જ્ઞાનસ્વભાવની પ્રતીત થઈને વીતરાગતા પ્રગટશે.

—*—

## સાનંદ સમ્પન્ન

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સતપ્રભાવના-ઉદયથી અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં દર વર્ષે રાખવામાં આવતો શિક્ષણવર્ગ આ વર્ષે પણ તા. ૨૬-૪-૯૧થી શરૂ થઈને ૧૫ દિન નિયમિત રીતે સારી રીતે ચાલ્યો હતો, જેનો ગુજરાતી તેમ જ હિન્દી મુમુક્ષુઓએ ખૂબ લાભ લીધો. ઉત્તમ વર્ગ બ્ર૦ ચંદુભાઈ તથા મધ્યમવર્ગ બ્ર૦ વ્રજલાલભાઈએ ચલાવ્યો હતો. શિક્ષણવર્ગ જોકે માત્ર પુરુષો માટે જ રાખવામાં આવે છે તોપણ જામનગરથી સમાગત બ્ર૦ લલિતાબેનના શિક્ષણનો લાભ ઉપસ્થિત મહિલા-સમાજને મળ્યો હતો. આ પંદર દિન દરમ્યાન પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના બે વખતના ટેપ-પ્રવચનો ઉપરાંત રોજ બપોરે સર્વશ્રી પ્રાણભાઈ કામદાર, શ્રી બ્ર૦ ચંદુભાઈ, શ્રી વ્રજલાલભાઈ, શ્રી ચીમનભાઈ મોદી તેમ જ શ્રી શશીકાંતભાઈ શેઠના આધ્યાત્મિક પ્રવચનોનો પણ શિક્ષણાર્થીઓને લાભ મળ્યો હતો.

તા. ૧૦-૬-૯૧

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

### * કહાનગુરુ જન્મજયંતી *

આ યુગના સ્વાનુભૂતિતીર્થ-ધુરંધર મુમુક્ષુજગતારણહાર આપણા પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૦૨મી ભક્તજન-આનંદકારિણી મંગલ જન્મજયંતી (વૈશાખ સુદ ૨) તેઓશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં ૧૧મે થી ૧૫મે પાંચ દિવસના ભવ્ય સમારોહપૂર્વક અત્યન્ત આનંદોલ્લાસ સાથે ઉજવાઈ. વીતરાગમાર્ગદાતા પરમોપકારી પૂજ્ય ગુરુદેવના પ્રતિ ઉપકૃત ભાવભીનો ભક્તિઉલ્લાસ ચારે બાજુ દેખાતો હતો. પરંતુ સુવર્ણપુરીના તથા અન્ય મુમુક્ષુઓના હૃદયપટમાં ગુરુદેવ પ્રત્યે અસીમ ભક્તિઉલ્લાસ સાથે સાથે થોડી ઉદાસીનો પણ અનુભવ થયો હતો. આ ઉદાસીનું કારણ હતું કહાનગુરુ-ઉપકાર મહિમા સમજાવનાર ભગવતી માતા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની સદેહે અનુપસ્થિતિ! જો પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિ પ્રેરક મંગળ ઉપસ્થિતિ હોત તો આ ગુરુ-જન્મજયંતી-મહોત્સવની રોનક તો કાંઈ નિરાળી જ હોત! ગુરુદેવ દ્વારા ઉપદિષ્ટ સમ્યક્ત્વ તથા સ્વાનુભૂતિમૂલક અધ્યાત્મતત્ત્વની તથા એમના અસાધારણ ઉપકારોની મુમુક્ષુઓના હૃદયમાં પોતાના ગુરુભક્તિભીના ઉપદેશો દ્વારા બહેનશ્રીએ જે સતત જમાવટ કરી છે તે કારણથી તે ઉપકારમૂર્તિ આપણા માટે હંમેશા અવિસ્મરણીય છે. મુમુક્ષુ-સમાજે તે કલ્યાણીમૂર્તિને પોતાના હૃદયમાં રાખી ગુરુજન્મ-જયંતી અતિ હર્ષાનંદપૂર્વક ઉજવી.

કહાનગુરુ-જન્મજયંતીના આ ભવ્ય મહોત્સવમાં દેશ-વિદેશનાં ૧૫૦૦થી વધુ મુમુક્ષુઓએ ભાગ લીધો; ઉત્સવના પહેલાં દિવસે જ લગભગ ૫૦૦ મેહમાનોની ઉપસ્થિતિ થઈ ગઈ હતી. ઉત્સવની વ્યવસ્થાના આયોજકોને પહેલાં એમ લાગતું હતું કે—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી કે જેઓ મુમુક્ષુઓ માટે ગુરુસાધનાતીર્થમાં આવવા માટે મોટું આકર્ષણ હતું તેઓની—અનુપસ્થિતિ તેમ જ સખત ગરમીના કારણે મહેમાનો ઓછા આવશે. પરંતુ ધારણા કરતાં પરિણામ ઉલટું જ આવ્યું.

પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે શ્રદ્ધાવંત મુમુક્ષુઓ દ્વારા આપણા આદરણીય આદર્શ આત્માર્થી પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહના તત્ત્વાવધાનમાં, આ ગુરુભક્તિ-મહોત્સવ સાચે જ ધર્મ-પ્રભાવનાપૂર્ણ તથા આનંદદાયક રહ્યો!

આ ગુરુજન્મજયંતી-મહોત્સવમાં પ્રતિદિન સવારે પૂજ્ય બહેનશ્રી સ્વાનુભવરસભીની

ઓડિયો ધર્મચર્ચા, નિત્યદર્શનપૂજા, ગુરુભક્તિપદોથી અંકિત ભવ્ય 'બેનર' તથા વિવધ શૃંગારથી સજાવેલા ભવ્ય મંડપમાં, પૂજ્ય ગુરુદેવશ્રીનાં સમયસાર-કર્તાકર્મ-અધિકાર પર અધ્યાત્મપ્રવચન, આદરણીય પંડિતજી દ્વારા ગુરુભક્તિ તથા ત્યારબાદ પરમાગમમંદિરમાં ચોંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા, બપોરે ઉપસ્થિત વિદ્વાનો દ્વારા 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' પર શાસ્ત્ર-પ્રવચન, પરમાગમમંદિરમાં જિનેન્દ્રભક્તિ તથા ગુરુભક્તિ, સાંજે ઘાટકોપર તથા વઢવાણની ભજનમંડળી દ્વારા ગુરુભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીનું 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' શાસ્ત્ર પર ટેપ પ્રવચન તથા તીર્થયાત્રાની વિડિયો દ્વારા ગુરુદર્શન તથા બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા—આ રીતે કાર્યક્રમ નિત્ય ચાલતો હતો. દરેક કાર્યક્રમમાં મુમુક્ષુઓની વિશાળ ઉપસ્થિતિથી જગ્યા ભરાઈ જતી હતી.

'ગુરુ જન્મજયંતી'ના હર્ષોલ્લાસમાં, ૧૪ મેના દિવસે પ્રાતઃ 'ધાતકી વિદેહના ભાવિ જિનવર'ની ભવ્ય રથયાત્રાનું આયોજન કર્યું હતું, રથયાત્રામાં અનેક ભવ્ય સજાવટ સાથે 'કહાનકુંવરનું પાલના-ઝૂલન'નું ફ્લોટ (FLOT) પણ કાઢ્યું હતું. ભાવિ જિનવરની ભવ્ય રથયાત્રાના દર્શન માટે ગ્રામ-જનતા પણ સ્થાન-સ્થાન પર જમા થઈ ગઈ હતી. આ જોઈને ગ્રામજનતા પૂજ્ય ગુરુદેવની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. બન્ને ભજનમંડળીઓએ ભક્તિભીનું રોચક વાતાવરણ બનાવી દીધું હતું.

ગુરુભક્તિના આ ભવ્ય ઉત્સવમાં ઉપસ્થિત વિદ્વાન ડૉ. શ્રી પ્રવિણભાઈ દોશી (રાજકોટ), શ્રી દેવજીભાઈ પટેલ (કાનાતળાવ) તથા શ્રી હિંમતભાઈ ડગલી (વીંછિયા) એ ગુરુ-મહિમા ભરપૂર શાસ્ત્રપ્રવચન આપ્યું હતું. મંડલવિધાનપૂજા આદરણીય પંડિતજીએ કરાવી હતી તથા ભક્તિ આદરણીય પંડિતજી તથા બન્ને ભજનમંડળીઓએ કરાવી હતી.

### ✻ જન્મજયંતી—વૈશાખી બીજ ✻

ગુરુ-જન્મજયંતીના દિવસે, પૂજ્ય ગુરુદેવના આશીર્વાદમુદ્રાયુક્ત મનોજ્ઞ વિશાલ ચિત્રપટ તથા અન્ય વિવિધ અતિ ભવ્યતાથી વિભૂષિત પ્રવચનપંડાલમાં પૂજ્ય ગુરુદેવના સ્ટેચ્યૂ સમક્ષ પ્રાતઃ દર્શન તથા સદ્‌ગુરુ-સ્તુતિ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનું વિડિયો 'માંગલિક', પૂજ્ય બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા, ત્યારબાદ ક્રમશઃ શ્રી પરમાગમ-મંદિરમાં ચૌંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા તથા તેનું સમાપન, પૂજ્ય ગુરુદેવશ્રીનું સમયસારની ૩૮મી ગાથા પર વિડિયો પ્રવચન, રજતમુદ્રાઓથી પૂજ્ય ગુરુદેવના સ્ટેચ્યૂ સમક્ષ જન્મવધાઈ. જન્મવધાઈ કાર્યક્રમનો શુભઆરંભ 'બહેનશ્રી દ્વારા ગુરુજન્મવધાઈ, વિડિયોથી થયો હતો. જેને જોઈને ઉપસ્થિત બધા મુમુક્ષુવૃંદ આનંદવિભોર થઈ ગયા હતા. ગુરુભક્તિનો આ કાર્યક્રમ બન્ને ભજનમંડળી, બ્ર૦ બહેનો તથા સમસ્ત મુમુક્ષુસમાજે અત્યાનંદોલ્લાસપૂર્વક સંપૂર્ણ કર્યો હતો. બપોરે શાસ્ત્રપ્રવચન, ગુરુભક્તિ, સાંજે જિનેન્દ્ર

આરતી, 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' પર પૂજ્ય ગુરુદેવનું ટેપપ્રવચન, તીર્થયાત્રા દ્વારા ગુરુદેવના દર્શન તથા અન્તમાં જન્મજયંતીના આ મહોત્સવમાં પ્રતિદિન થતાં યાત્રા દ્વારા ગુરુદર્શન તથા બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચાથી બધાને ખૂબ હર્ષાનુભૂતિ થતી હતી.

શ્રી કહાનગુરુ જન્મજયંતીના મંગલ અવસર પર 'કાયમીમંડળવિધાનપૂજા—

(૧) પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા કેટલાક બ્ર૦ બેનો, સોનગઢ

(૨) શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવાર, મુંબઈ

(૩) શ્રી પુરુષોત્તમદાસ ઓઘડદાસ કામદાર તથા શ્રી જવેરીબેન પુરુષોત્તમદાસ કામદાર પરિવાર, મુંબઈ

(૪) શ્રી વ્રજલાલ જેઠાલાલ શાહ, સોનગઢ (હા. શ્રી જિતુભાઈ)

(૫) શ્રી અમરચંદભાઈ વાલજીભાઈ ડગલી પરિવાર (હા. શ્રી રૂપાળીબેન ડગલી) લંડન

(૬) શ્રીમતી ચંદનબેન તથા શ્રી કનુભાઈ મણિલાલ પુનાતર પરિવાર, જામનગર

(૭) બ્ર૦ શારદાબેન જયસુખલાલ સંઘાણી, રાજકોટ

(૮) શ્રી જયંતીલાલ બેચરદાસ દોશી, ઘાટકોપર

(૯) શ્રી ધારશીભાઈ જટાશંકરભાઈ મેહતા, વવાણિયા મોરબી

(૧૦) શ્રી હિંમતલાલ છોટાલાલ જોબાલિયા પરિવાર, સોનગઢ

(૧૧) શ્રી મનસુખલાલ હરીલાલ દોશી પરિવાર, મુંબઈ

(૧૨) શ્રી અરવિંદભાઈ નંદલાલ પ્રાગજી મેહતા ઉમરાળાવાળા

તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા શ્રી ચંદનબેન ગોસલિયા અમદાવાદ તરફથી રાખવામાં આવી હતી.

શ્રી ગુરુજન્મજયંતીના અવસર પર નીચે જણાવેલ મહાનુભાવો તરફથી ઉપસ્થિત મહેમાનો માટે પ્રાતઃ અલ્પાહાર તથા બન્ને સમયના ભોજન રાખવામાં આવ્યા હતા.

(૧) તા. ૧૧-૫-૯૧ શ્રી તલાટી બંધુ (હા. શ્રી ભદ્રેશભાઈ તલાટી), મુંબઈ

(૨) તા. ૧૨-૪-૯૧ શ્રીમતિ રળીયાતબેન તથા શ્રી રાયચંદભાઈ દેવનભાઈ શાહ નાઈરોબી

(૩) તા. ૧૩-૫-૯૧ શ્રી હીરાલાલ ભીખાભાઈ શાહ પરિવાર દહેગામવાળા

(૪) તા. ૧૪-૫-૯૧ શ્રીમતી મોતીબેન તથા શ્રી ભારમલભાઈ વાઘજીભાઈ ડરિયા પરિવાર, નાઈરોબીવાળા

(૫) તા. ૧૫-૫-૯૧ પ્રાતઃ અલ્પાહાર શ્રીમતિ દીપિકાબેન પ્રેમચંદજી ગંગાવત, ચવાણું જમણ (સ્થાનિક મુમુક્ષુમંડળ સહિત) શ્રી મનસુખલાલ હરિલાલ દોશી, (હા.

શ્રી પુષ્પાબેન દોશી ) મુંબઇ તથા સાંજનું જમણ શ્રી ચંદ્રકાંત હરિલાલ દોશી ( હા. શ્રી ગિરીશભાઇ હરિલાલ દોશી ) મુંબઇ અને શ્રી અશોકભાઇ વનેચંદભાઇ ડેઢાણી ( હા. શ્રી ભારતીબેન ) મુંબઇ.

જન્મજયંતી ઉત્સવના દિવસોમાં ધાર્મિક સાહિત્યમાં ૩૫% ડિસ્કાઉન્ટ નીચે જણાવેલ મહાનુભાવો તરફથી રાખ્યું હતું.

(૧) ૧૦% શ્રી કળાબેન હસમુખલાલ પોપટલાલ વોરા, મુંબઇ

(૨) ૧૦% શ્રી સપાણી પરિવાર, મદ્રાસ, હૈદ્રાબાદ ( હ. શ્રી ધીરજલાલ દલપતભાઇ સપાણી તથા શ્રી મહેન્દ્રભાઇ પ્રભુલાલભાઇ સપાણી )

(૩) ૧૫% શ્રી પૂરીબેન શીવલાલ ગાંધી ( હા. શ્રી નિખિલભાઇ પ્રતાપરાય ગાંધી ) સોનગઢ. કુલ રૂા. ૨૬૦૦૦નું સાહિત્યનું વેચાણ થયું હતું.

આ ગુરુજન્મજયંતીના મંગલ અવસર પર કુલ ૧૧૩ પરિવારોએ રજતમુદ્રાઓથી જન્મવધાઈનો લાભ લીધો હતો.

આ શુભ અવસર પર સંસ્થાને નીચે મુજબ કુલ રૂા. ૨,૪૯,૬૭૪ની આવક થઈ હતી.

(૧) પાંચ દિવસના ભોજનખર્ચમાં રૂા. ૩૩,૫૦૦

(૨) રથયાત્રાની બોલી તથા જિનેન્દ્ર વધાઇમાં રૂા. ૩૧,૯૧૨

(૩) રજતમુદ્રાઓથી ગુરુજન્મવધાઇમાં રૂા. ૭૭,૬૧૩

(૪) જિનેન્દ્ર આરતીની બોલીમાં રૂા. ૪૦૮૦

(૫) ૧૦૨મી જન્મજયંતીના ઉપલક્ષમાં ૬૪૬×૧૦૨ = ૬૫૮૯૨

અન્ય શુભ ખાતામાં રૂા. ૩૬૬૭૭

તદુપરાંત રૂા. ૧,૦૦,૦૦૦ ( એક લાખ ) શ્રી ભગવાનજીભાઇ કચરાભાઇ શાહ પરિવાર ( હા. કુ. મીનાબેન સોમચંદભાઇ શાહ ) લંડન તરફથી શ્રી ભગવાનજીભાઇ કચરાભાઇ શાહ ભોજનાલય ખાતામાં તથા રૂા. ૧,૦૦,૦૦૦ ( એક લાખ ) સ્વ. શ્રી દેવચંદભાઇ રાજાના સ્મરણાર્થે ( હા. શ્રીમતી સરોજબેન તથા પ્રફુલભાઇ દેવચંદભાઇ રાજા ) નાઇરોબી તરફથી 'બહેનશ્રી સમાધિમંદિર' તથા ભોજનાલય ખાતામાં જાહેર કર્યા હતા.

## * પ્રથમ સાંવત્સરિક સમાધિતિથિ *

તા, ૨૭-૫-૯૧ થી તા. ૩૧-૫-૯૧ ( વૈશાખ વદ ત્રીજ ) પાંચ દિવસ ઉપકારમૂર્તિ પ્રશમરત્ન ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પ્રથમ સાંવત્સરિક સમાધિતિથિ ( વૈશાખ વદ ત્રીજ ) સુવર્ણપુરીમાં એમના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ પુરુષાર્થ તથા અસીમ અચિંત્ય ઉપકારોના સ્મરણપૂર્વક વિરહ વેદનાના ઉદાસીસભર વાતાવરણમાં

ખૂબ જ સાદગીથી સમાપન થઈ. પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે શ્રદ્ધા-ભક્તિવંત સમાગત તથા સ્થાનિક મુમુક્ષુઓથી પ્રવચનસ્થળ, પૂજાના સમયે પરમાગમમંદિર તથા ભક્તિના સમયે શ્રી સીમંધરસ્વામી જિનમંદિર પૂરા ભરાઈ જતા હતા. બપોરે રોજ શાસ્ત્રવાંચન 'બહેનશ્રીની સાધના તથા વાણી' પર થયું હતું. તે સમયે બહેનશ્રીની સાધના, પુરુષાર્થ તથા ભવાબ્ધિતારિણી વાણી સાંભળતા એમના ઉપકારસ્મરણથી ભક્તોના હૃદય વિરહવેદનાથી દ્રવિત થતા હતા અને ચક્ષુ આંસુઓથી ભરાઈ જતાં હતાં.

સમાધિતિથિના દિવસે પ્રાતઃ આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહે પ્રશમમૂર્તિ ભગવતી ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના વિરહનું ગીત 'દર્શન દો માતા મોરી, ફરી ફરી પાય પડું તોરી' પોતાના વિરહ વેદનાથી દર્દભર્યા સ્વરમાં ગવડાવ્યું ત્યારે તો લગભગ બધાના હૃદય પૂજ્ય ભગવતી માતાના વિરહ દુઃખથી દ્રવિત થઈ ગયા હતા.

શ્રી 'પંચપરમેષ્ઠી-મંડલવિધાનપૂજા'ના સમાપન બાદ પૂજ્ય બહેનશ્રીના નિવાસ-સ્થાને દર્શનનો કાર્યક્રમ રાખ્યો હતો. તે સમયે પણ બધાને પૂજ્ય ભગવતી માતાની ઉપકારમૂર્તિ હૃદયમાં તીવ્રતાથી જાગી ઉઠવાથી હૃદય ઢીલા થઈ ગયા હતા તથા નયન આંસુઓથી ભીંજાઈ ગયા હતા.

આ રીતે ઉપકારીના ઉપકારસ્મૃતિનો આ વાર્ષિક અવસર જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા વિરહ વેદનાની ઉદાસીપૂર્વક સમાપન થયો હતો.

**પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ :—** પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા. ૮-૮-૯૧, ગુરુવાર થી તા. ૨૨-૮-૯૧, ગુરુવાર સુધી ૧૫ દિવસ પુરુષો માટે પ્રૌઢ શિક્ષણવર્ગ ચાલશે. શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.

**સૂચના :—** પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-આમ્નાયાનુયાયી જે દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળોને પૂજ્ય ગુરુદેવ દ્વારા ઉદ્‌બોધિત અધ્યાત્મતત્ત્વજ્ઞાનના લાભ માટે દશલક્ષણ પર્યુષણપર્વમાં સોનગઢથી પ્રવચનકાર બોલાવવાની ભાવના હોય તેમણે ત્યાંના મુમુક્ષુમંડળના અધ્યક્ષ કે મંત્રી દ્વારા લેખિત નિવેદન પત્ર દ્વારા પ્રચાર વિભાગ—શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ ને જણાવવું. સુવિધાનુસાર પ્રવચનકાર મોકલવામાં આવશે. *

## * પૂજ્ય બહેનશ્રીની ૭૮મી જન્મજયંતી *

પૂજ્ય ગુરુદેવશ્રીના પરમભક્ત સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૮મી જન્મજયંતી શ્રાવણ વદ બીજ તા. ૨૩-૮-૯૧ શુક્રવારથી તા. ૨૭-૮-૯૧ મંગળવાર પાંચ દિવસ અધ્યાત્મજ્ઞાન તથા દેવ-ગુરુ-ભક્તિમય વિવિધ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે. સમાગત મેહમાનો માટે આવાસ ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.

## વૈરાગ્ય સમાચાર :—

* વઢવાણનિવાસી (હાલ મલાડ) મહાસુખલાલ પાનાચંદ સંઘવી તા. ૨૨–૨–૯૧ના રોજ સ્વર્ગવા પામ્યા છે.

* લાઠીનિવાસી (હાલ વડોદરા) શ્રી જયસુખલલા જયંતીલાલ ભાયાણીના ધર્મપત્ની શ્રીમતી દીપ્તીબેન (વર્ષ ૪૮) તા. ૨૯–૪–૯૧ના રોજ મુંબઈ મુકામે ટૂંકી બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સરળ સ્વભાવી હતા. તેઓ વારંવાર સોનગઢ લાભ લેવા આવતા હતા. તેમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રતિ ઘણી ભક્તિ હતી.

* નાઈરોબીનિવાસી શ્રી નથુભાઈ જેઠાભાઈ માલદે (—તેઓ શ્રી વીરચંદભાઈના મોટાભાઈ) (વર્ષ–૮૫) તા. ૮–૫–૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઔરંગાબાદનિવાસી શ્રી બ્રહ્મચારી હસ્તિમલજી અચરજમલજી જૈન (વર્ષ–૯૦) તા. ૧૩–૫–૯૧ના રોજ સોનગઢ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણાય વર્ષોથી સોનગઢ રહેતા હતા.

* ભાવનગરનિવાસી વિમળાબેન અમરચંદ ભાયાણી (વર્ષ–૭૬) તા. ૨૩–૫–૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* પાલેજનિવાસી, પૂજ્ય ગુરુદેવશ્રીની પેઢીના ભાગીદાર તથા કુટુંબિક ફઈબાના દિકરા શ્રી કુંવરજીભાઈના દિકરા શ્રી મનસુખભાઈ કુંવરજીભાઈ (વર્ષ–૭૫) તા. ૫–૬–૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વનો અભ્યાસ તથા રુચિ ઘણા હતા, નિયમિત શાસ્ત્રવાંચન કરતા હતા, સરળ પરિણામી હતા. કૃપાળુ ગુરુદેવ તેમ જ પૂજ્ય બહેનશ્રી પ્રતિ અત્યંત અત્યંત ભક્તિભાવ હતો.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ–ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ–ગુરુ–ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

સૂચના :—આ જૂન માસથી આત્મધર્મના વાર્ષિક ગ્રાહકોનું લવાજમ પુરું થાય છે. જુલાઈ–૯૧થી જૂન–૯૨ના એક વર્ષ માટેનું આપનું વાર્ષિક લવાજમ રૂપિયા નવ સત્વરે મોકલી આપીને વ્યવસ્થામાં સહકાર આપશો. આજીવન–સભ્ય ફી રૂા. ૧૦૧–૦૦ છે. પોતાની આગામી પેઢી દર પેઢીને આત્મધર્મનો લાભ મળતો રહે તે હેતુએ વાર્ષિક ગ્રાહકોએ રૂા. ૧૦૧–૦૦ ભરીને આજીવન સભ્ય બની, આપણી પોતાની સંસ્થાને વ્યવસ્થામાં સહયોગ આપવો. "શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) પીન–૩૬૪૨૫૦"

—*—




* જે વ્યવહારનય છે તે જો કે આ પહેલી પદવીમાં (જ્યાંસુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી) જેમણે પોતાનો પગ માંડેલો છે એવા પુરુષોને, અરેરે! હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે, તોપણ જે પુરુષો ચૈતન્ય-ચમત્કારમાત્ર, પરદ્રવ્યભાવોથી રહિત (શુદ્ધનયના વિષયભૂત) પરમ 'અર્થ'ને અંતરંગમાં અવલોકે છે, તેની શ્રદ્ધા કરે છે તથા તદ્રૂપ લીન થઈ ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે તેમને એ વ્યવહારનય કાંઈ પણ પ્રયોજનવાન નથી. ૨૬૯. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૫)

* જો ભવ્યજીવ તીન લોકકે અગ્રભાગમેં વિરાજિત સિદ્ધભગવાનકા સ્વરૂપ મનન કરતે હૈં, ઉસી શુદ્ધ સ્વરૂપકો દેખનેસે કર્મ છૂટ જાતે હૈં તથા દ્રવ્યકર્મ, ભાવકર્મ વ નોકર્મકો જીતા જાતા હૈ તથા અનિષ્ટકર્મકા બંધ નહીં હોતા હે. ૨૭૦. (શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક–૫૦૩)

* રાગરહિત ચિદ્રૂપ પૂર્ણાનંદનો સમુદ્ર આત્મા, તેમાં જ સાચું સુખ છે; સંસારના ઈંદ્રિયસુખો તો તેની પાસે આગિયા જેવા છે, તેમાં સુખ માનવું તે તો ફક્ત દુર્બુદ્ધિનો ફેલાવો છે. ૨૭૧.

(શ્રી નેમીશ્વર–વચનામૃત-શતક, શ્લોક–૮૬)

* એક તત્ત્વ તો સારી રીતે જાણે છે, બીજું તત્ત્વ કાંઈ જાણતું નથી. સર્વને જાણનાર એવા આત્મતત્ત્વનું ચરિત્ર દેવો પણ નથી જાણતા; જે અનુભવે છે તે જ તેને બરાબર જાણે છે, પૂછપરછ વડે એની સંતૃપ્તિ ક્યાંથી થાય? (આત્મતત્ત્વ સ્વાનુભવગમ્ય છે, વાદવિવાદથી કે પૂછપરછથી તે પ્રાપ્ત થતું નથી.) ૨૭૨. (મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા–૧૬૫)

# ॥ મરીને ક્યાં જઈશ ?! ॥

❀ અરે ! આખો દી ધંધા ને બાયડી-છોકરાની મમતામાં પાપમાં જીવન ગાળે છે, એનું શું થશે ? એકલી મમતા મમતા મમતાના ફળમાં મરીને ઢોરમાં જશે. અહીં વાણીયો કરોડપતિ હોય ને મરીને ભૂંડ થાય ને વિષ્ટા ખાશે ! એણે મારું શું થશે એમ નક્કી કરવું જાઈએ ને ! કે હું મરીને ક્યાં જઈશ ! અહીં તો થોડો કાળ રહેવાનું છે પછી મારું શું થશે ને ક્યાં જઈશ ! એ નક્કી કરવું જોઈએ.　　—પૂજ્ય ગુરુદેવશ્રી

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–　પ્રત : ૩૨૦૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

A ૨૭૭૩ શ્રી સંગીતાબેન અનુપકુમાર અજમેરા
મેડી નં.-૨, સીતા બર્ડી
નાગપુર-૪૪૦૦૧૨